## —:: પ્રેસનોટ ::—

**તા.૧૨/૦૬/૨૦ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાક સુધીમાં ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ અને વી.બી.ડી.સી. વિભાગ દ્વારા સમગ્ર સુરત શહેરમાં વિવિધ વિસ્તારમાં ડિસઈન્ફેકશનની કામગીરી કરવામાં આવેલ અને હાલમાં કામગીરી ચાલું છે.**

**મા.મ્યુ.કમિશ્નરશ્રીનાં મળેલ આદેશ અન્વયે હાલમાં સુરત શહેરમાં નોવેલ કોરોનાં વાયરસ (COVID-19) નાં કેસ સામે આવેલ હોય જેથી આવા સક્રમિત વ્યીકતઓ ધ્વારા અન્ય વ્યકિતઓમાં ચેપ ન ફેલાયતે અટકાવવા ફાયર વિભાગ તેમજ વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા નીચે મુજબનાં ઝોન વિસ્તારમાં ડીસઈન્ફેકશનની કામગીરી કરવામાં આવેલ.**

- **અઠવાઝોન**

  ૧) મિશન હોસ્પિટલ ૨) વેસું હેલ્થ સેન્ટર ૩) નવી સિવિલ હોસ્પિટલઅને કોવિડ ૧૯ નો આઈસોલેશન વોર્ડ ૪) ઉમરા હેલ્થ સેન્ટર ૫) સમરસ હોસ્ટેલ ૬) મગદલ્લા જયસીગ બોર્ડ ૭) ઉમરા પોલીસ સ્ટેશન ૮) ભાઠેના ,કોમ્યુનીટી હોલ ૯) અલથાણ હેલ્થ સેન્ટર ૧૦) તડકેશ્વરનગર

- **સેન્ટ્રલ ઝોન**

  ૧) કાદશાની નાળ કબ્રસ્તાન ૨) આમલી શેરી ૩) ચેવલી શેરી ૪) કોળીવાડ,બેગમપુરા ૫) સલાબતપુરા,વલ્લભજીવનની ચાલ ૬) શખ્નશૃગીમાતા ચોક ૭) સલાબતપુરા ખાંગડ શેરી ૮) રૂદરપુરા મેઈન રોડ ૯) ધામલમવાડ ૧ અને ૨ ૧૦) સિદદી બંગલા ૧૧) હરેશ્વર સોસાયટી ૧૨) ડનીશ પાર્ક ૧૩) સુફલમ સોસાયટી ૧૪)હેના લક્ષ્મી ૧૫) કદમપલ્લી સોસાયટી ૧૬) ગ્રીક એમ હોસ્પિટલ

- **રાંદેરઝોન**

  ૧) ઈડબલ્યુએસ આવાસ,ઉગત ૨) હળપતિવાસ,ઉગત ૩) ઈડબલ્યુએસ આવાસ,જહાંગીરાબાદ ૪) ગ્રે.પાર્ક ઈડબલ્યુએસ આવાસ ૫) વર્ષા સોસાયટી ૬) સ્તુતિ રેસીડેન્સી,પાલ ગામ ૭) પ્રાપ્તિ પાર્ક એપાર્ટમેન્ટ ૮) ઈડબલ્યુએસ આવાસ,એલ.પી.સવાણી ૯) ઈડબલ્યુએસ આવાસ,પાલનપુર કેનાલ રોડ ૧૦) સંધ્યાવદન સોસાયટી

- **કતારગામ ઝોન**

  ૧) વાળીનાથ ચોક ૨) હરિદ્વાર નગર ૩) થીતા નગર ૪) ભગવાન નગર ૫) મગન નગર ૧ અને ૨ ૬) બળવંત નગર ૭) જે.કે.પી. નગર મેઈન રોડ ૮) ડી.એમ.પાર્ક મેઈન રોડ ૯) જીવનદીપ સોસાયટી ૧૦) દેવદીપ સોસાયટી ૧૧) ભકિત નગર ૧૨) એસ.પી. વિધાલય મેઈન રોડ ૧૩) નમોરા ચાર રસ્તા ૧૪) મગન નગર રોડ ૧૫) બાપા સીતારામ ચોક ૧૬) અમૃત નગર ૧૭) ભરમ નગર ૧૮) સરદાર કોમ્પ્લેક્ષ પાસે ૧૯) મારૂતી ફલેટસ પાસે ૨૦) રાધાબાગ સોસાયટી મેઈન રોડ ૨૧) લલિતા ચોકડી ૨૨) નીલકંઠ એપાર્ટમેન્ટ પાસે ૨૩) કતારગામ સાર્વજનિક લાઈબ્રેરી પાસે ૨૪) કતારગામ જુની પોલીસ ચોકી પાસે ૨૫) સત્યમ સોસાયટી મેઈન રોડ ૨૬) ધોળકિયા ગાર્ડન પાસે ૨૭) કોટેશ્વર નગર મેઈન રોડ ૨૮) ગોધાણી સ્કુલ મેઈન રોડ ૨૯) કતારગામ શાક માર્કેટ ૩૦) આનંદ પાર્ક ૩૧) લક્ષ્મી નગર ૩૨) ત્રિલોક નગર ૩૩) ત્રિભોવન સોસાયટી ૩૪) ત્રિવેણી સોસાયટી ૩૫) વિશ્રામ નગર ૩૬) જમના પાર્ક ૩૭) નંદનવન સોસાયટી ૩૮) શિવમ સોસાયટી ૩૯) સિંગણપોર હેલ્થ સેન્ટર ૪૦) સડક ફળિયુ ૪૧) બ્રાહમણ ફળિયું ૪૨) ગીતા નગર ૪૩) ટેકરા ફળિયું ૪૪) ફુલપાડા ગામ ૪૫) ગૌતમ નગર ૪૬) શ્રધ્ધા સોસાયટી ૪૬) ગુનાતીત નગર ૪૭) પ્રાણનાથ સોસાયટી ૪૮) દ્વારકેશ એપાર્ટમેન્ટ,કેશવપાર્ક સોસાયટી ૪૯) શિવછાયા સોસા. સ્વરાજ એપાટ્મેન્ટ ૫૦) ભાઈચંદ નગર સોસાયટી ઘર નં.૧૧,૪૨ ૫૧) દાનેવ આશિષ સોસાયટી ૫૨) ડી.કે.નગર સોસાયટી ઘર નં.૭૦,૮૦ ડભોલી ૫૩) ગીતા નગર શેરી નં. ૧ અને ૨ ૫૪) ઓમકાર સોસાયટી,ડભોલી ૫૫) મીના નગર,વેડ રોડ ૫૬) નિર્મલ એપાર્ટમેન્ટ,વેડ રોડ ૫૭) રંગ દર્શન ફલેટ ૫૮) નીલકંઠ સોસાયટી ૫૯) સરોવર વ્યુ ૬૦) ગાયત્રી નગર ૬૧) અમૃત ફલેટ ૬૨) લક્ષ્મીધર્મ સોસાયટી ૬૩) કૈલાશ નગર સોસાયટી ૬૪) મીરા નગર,આબાં તલાવડી ૬૫) સંતોષી નગર ૬૬)સન્ડે એવન્યું ૬૭) સંતોષી કૃપા સોસાયટી ૬૮) વિહાર સોસાયટી ૬૯) શ્યામ વિલા એપાર્ટમેન્ટ ૭૦) કબીર આશિષ એપાર્ટમેન્ટ ૭૧) વિશાલ નગર સોસાયટી ૭૨) સૂર્યકિરણ એપાર્ટમેન્ટ ૭૩) જય બાબરી એપાર્ટમેન્ટ ૭૪) ફૂલવાડી સોસાયટી

- **લીમ્બાયત ઝોન**

  ૧) યોગેશ્વર પાર્ક સોસાયટ ૨) એપીએમસી માર્કેટ ૩)ગોપાલ નગર,પરવત પાટીયા ૪) શિવ શંકર નગર ૫) અંબિકા નગર સોસાયટી,ઉમરવાડા ૬) ખાનપુરા ૭) શાહપુરા, કુબા મસ્જિદ પાસે ૮) ઋષિનગર, ગોડાદરા ૯) ગણેશનગર, ગોડાદરા ૧૦) શિવાજીનગર ૧૧) શંભાજી ચોક ૧૨) સ્વસ્તિક ગ્રીન એપાર્ટમેન્ટ ૧૩) લક્ષ્મીનારાયણનગર –૨

Scanned by TapScanner

- **વરાછા ઝોન–એ**

૧) ઓમકાર સોસાયટી વિભાગ–૧ ૨) જમના નગર સોસાયટી ૩) સરગમ પાર્ક સોસાયટી ૪) રવિ પાર્ક સોસાયટી ૫) વિધાતા સોસાયટી ૬) મણીબા પાર્ક સોસાયટી ૭) મણીબાપાર્ક સો.સા. મેઈન રોડ ૮) ઈશ્વરનગર સોસાયટી અને મેઈન રોડ ૯) ક્રિષ્ણાનગર ૧૦)યોગેશ્વરનગર ૧૧) મારૂતીનગર ૧૨) નિરાતનગર સોસાયટી

- **વરાછા ઝોન–બી**

૧) ભવાની નગર ૨) ઈન્દ્રલોક રેસીડેન્સી ૩) સુમેરૂ રેસીડેન્સી ૪) મોટા વરાછા હેલ્થ સેન્ટર ૫) ક્રિષ્ણા ટાશ્રઉનશિપ ૬) રઘુનંદન રેસીડેન્સી ૭) સૌરાષ્ટ્ર ટાઉનશિપ ૮) ખરી ફળિયું મોટા વરાછા ગામ ૯) ટાંકીપાળ વસાહત ૧૦) ગુરૂકૃપા સોસાયટી ૧૧) ઈશ્વરકૃપા સોસાયટી ૧૨) સાકેટધામ સોસાયટી ૧૩) પ્રભુકૃપા સોસાયટી ૧૪) શિવ નગર ૧૫) પાંડુ નગર ૧૬) ક્રિષ્ણા નગર સોસાયટી ૧૭) શિવધારા એ,બી,સી,ડી,ઈ

- **ઉધનાઝોન**

૧) ગીતા નગર ૨) ગોવિંદ નગર ૩) કમૃયોગી–૨,બમરોલી ૩) સરસ્વતી આવાસ ૪) સુડા આવાસ,ભેસ્તાન ૫) ભેસ્તાન આવાસ એચ–૧૫ ૬) સ્વામિનારાયણ નગર ૭) રામ નગર ૮) કર્મયોગ સસોસાયટી ૯) શિવ નગર ૧૦) પટેલ નગર ૧૧) હેગડેવાદ વસાહત –૧ અને ૩ ૧૨) ગોર્વધન નગર ૧૩) ઈશ્વર નગર –૧

- **સેમ્પલ કલેકશન સેન્ટર**

(૧) પનાસ હેલ્થ સેન્ટર, (૨) ડી.કે.એમ. હેલ્થ સેન્ટર,(૩) પાલ હેલ્થ સેન્ટર, (૪) રાંદેર હેલ્થ સેન્ટર (૫) કતારગામ હેલ્થ સેન્ટર, (૬) મગોબ હેલ્થ સેન્ટર, (૭) બમરોલી હેલ્થ સેન્ટર, (૮) ભાઠેના હેલ્થ સેન્ટર ૯) નાના વરાછા અર્બન હેલ્થ સેન્ટર અને તમામ ક્વોરન્ટાઈન કરેલ એરીયામાં સેનેટાઈઝીંગ કરવામા આવેલ છે.

ઉપરોક્ત કામગીરી જાહેરાત સલામતી ને ધ્યાને લઈ કરવામા આવેલ છે.

જનસંપર્ક વિભાગ સુરત મહાનગર પાલિકા તરફથી સાદર...
સમાચાર યાદી નંબર........૨૦૧.............તા.૧૨/૦૬/૨૦૨૦

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ (COVID-19)

હાલમાં કોવિડ–૧૯ની મહામારી સંદર્ભે તમામ પ્રાઈવેટ પ્રેકટીશનર્સને તેમના ત્યાં નોંધાયેલા **ARI** ની માહિતી જૈમિની સોફ્ટવેરમાં દૈનિક ધોરણે કરવાની હોય છે.

આજરોજ નીચે મુજબના કુલ ૧૦ પ્રાઈવેટ પ્રેકટીશનર્સએ તેમના ત્યાં **ARI** ની માહિતી જૈમિની સોફ્ટવેરમાં નોંધેલ નથી. જેથી કુલ ૧૦ પ્રાઈવેટ પ્રકેટીસનર્શને એપેડેમિક એકટ અન્વયે નોટીશ બજાવવામાં આવેલ છે.

(૧) ર્ડા. અજીતભાઈ જી. વસોદીયા–વેદાંત કલીનીક પ્રગતિનગર,ગુ. હા. બોર્ડ (૨) ર્ડા.કીર્તિ પંડયા, સંતકૃપા સોસા. અમરોલી (૩) ર્ડા.સમીર મહેતા, કમળાબા હોસ્પિટલ,વેડરોડ (૪) ર્ડા.રાજેશ પટેલ, ધ્રુવ કલીનીક, મગન નગર –૨ (૫) ર્ડા.નીતિનભાઈ,નવસારી બજાર (૬) લોખાત હોસ્પિટલ (૭) ર્ડા. કેતન પટેલ, રામપુરા (૮) ર્ડા.ભરત જસાણી, પૂજા હોસ્પિટલ (૯) હરી કલિનીક (૧૦) ર્ડા.સમીર મહેતા, કમળાબા હોસ્પિટલ,વેડરોડ

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી,સાદર સમાચાર યાદી નં.૨૦૨, તા.૧૨/૦૬/૨૦૨૦

# પ્રેસ નોટ
# નોર્થ ઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

આજરોજ તા.૧૩/૦૬/૨૦૨૦ ના રોજ કોવીડ–૧૯ મહામારી સંદર્ભે સુરત મહાનગરપાલિકાના નોર્થ ઝોન(કતારગામ) વિસ્તારમાં વિવિધ હોસ્પિટલો, ડાયમંડ યુનિટોમાં તથા આમજનતા માં જાગૃતિ ફેલાય તે હેતુસર કોરોના નિયંત્રક પગલા અંતર્ગત(૧) કમળા બા મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલ, વેડરોડ,(૨) લાઈફ મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલ, સિંગણપોર ચાર રસ્તા (૩) પૂજા હોસ્પિટલ, પારસ પોલીસ ચોકી નજીક તથા (૪) બંસરી હોસ્પિટલ, અમરોલી ખાતે સ્થળ વિઝિટ કરી સદર હોસ્પિટલનાં સંચાલકોને સોશિયલ ડીસ્ટનસીંગ જાળવવા અને પુરતુ હેન્ડ સેનેટાઈઝેશન અને માસ્કનો ઉપયોગ અનિવાર્ય પણે કરવા માટે સુચના આપવામાં આવેલ તથા ઉકત હોસ્પિટલનાં કર્તાહર્તા ઓ પાસેથી કુલ રૂ. ૨૨૦૦/– નો દંડ કોરોના મહામારીની ગાઈડ લાઈનનાં ઉલ્લંઘન કરવા સબબ ફટકારવામાં આવેલ.

ત્યારબાદ નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં આવતાં વિવિધ ડાયમંડ યુનિટોમાં સંક્રમિત દર્દીઓ ધરાવતી ફેકટરીઓ પૈકી (૧) કપુ જેમ્સ, વસ્તાદેવડી રોડ ઉપર આવેલ ચોથામાળનું એકાઉન્ટ સેકશન (૨) પાલડીયા બ્રધર્સ એન્ડ કંપની, ગોટાલાવાડીનાં બીજા માળે આવેલ લેસર ડીપાર્ટમેન્ટ તથા (૩) ગોપીનાથ બિલ્ડીંગ, નંદુડોશીની વાડી ખાતે પહેલા માળે ૧૦૧ નંબરનાં યુનિટમાં કાર્યરત કુંવરજી પટેલ ડાયમંડ કારખાનાને બંધ કરાવવામાં આવેલ છે. ઉપરોકત ડાયમંડ યુનિટો પાસે રૂા. ૧૧૦૦૦/– જેટલો દંડ વસુલ કરવામાં આવેલ છે. આમ, વિવિધ હોસ્પિટલ તથા ડાયમંડ યુનિટો પાસેથી રૂા. ૧૩૨૦૦/– જેટલી પેનલ્ટી આજરોજ વસુલ કરવામાં આવેલ છે. આ અંગે આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ યથાવત રાખવામાં આવનાર છે.

વધુમાં, નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં છેલ્લા ચાર દિવસ દરમ્યાન દબાણ દુર કરવાની ખાસ ઝુંબેશ અંતર્ગત થયેલ કામગીરી માં ધનમોરા મેઈનરોડ, મગન નગર, બાપા સીતારામ ચોક, વિજયરાજ સર્કલ, નારાયણ નગર, આંબા તલાવડી મેઈન રોડ, અમરોલી કોસાડ આવાસ, છાપરાભાઠા– ગુજરાત હાઉસિંગ બોર્ડ, વાળીનાથ ચોક, કતારગામ–જી.આઈ.ડી.સી., ફુલવાડી, નંદુડોશી ની વાડી સહિતનાં વિવિધ વિસ્તારોમાંથી ૩૬ નંગ –બંધ લારી, ૧૫૦ નંગ –ખુલ્લીલારી, ૫૭૦ નંગ–પાથરણાં, ૯ નંગ–કાઉન્ટર સહિત ૩૦૦૦ કિલોગ્રામ શાકભાજી નો જથ્થો જપ્ત કરવામાં આવેલ છે. અને ઉપરોકત વિસ્તારોમાં જાહેરમાર્ગ ઉપર સોશિયલ ડીસ્ટન્સ પાલન ન કરતાં દુકાનદારો, લારી ગલ્લાંવાળા, માસ્ક વિના ફરતાં ઈસમો પાસેથી પણ રૂા. ૬૨૪૦૦/– જેટલી દંડનીય વસુલાત કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૨૦૩
તા. ૧૩–૦૬–૨૦૨૦

## –:: પ્રેસનોટ ::–

**તા.૧૩/૦૬/૨૦ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાક સુધીમાં ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ અને વી.બી.ડી.સી. વિભાગ દ્વારા સમગ્ર સુરત શહેરમાં વિવિધ વિસ્તારમાં ડિસઈન્ફેકશનની કામગીરી કરવામાં આવેલ અને હાલમાં કામગીરી ચાલું છે.**

**મા.મ્યુ.કમિશ્નરશ્રીનાં મળેલ આદેશ અન્વયે હાલમાં સુરત શહેરમાં નોવેલ કોરોનાં વાયરસ (COVID-19) નાં કેસ સામે આવેલ હોય જેથી આવા સક્રમિત વ્યીકતઓ ધ્વારા અન્ય વ્યકિતઓમાં ચેપ ન ફેલાયતે અટકાવવા ફાયર વિભાગ તેમજ વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા નીચે મુજબનાં ઝોન વિસ્તારમાં ડીસઈન્ફેકશનની કામગીરી કરવામાં આવેલ.**

- **અઠવાઝોન**

૧) મિશન હોસ્પિટલ ૨) વેસું હેલ્થ સેન્ટર ૩) ડુમસ હેલ્થ સેન્ટર ૪) નવી સિવિલ હોસ્પિટલઅને કોવિડ ૫) આઈસોલેશન વોડ ૬) સમરસ હોસ્ટેલ ૭) તુલસી એપાર્ટમેન્ટ ૮)મપન એપાર્ટમેન્ટ ૯) ઈનકમટેક્ષઓફીસ ૧૦) તુપ્ની એપાર્ટમેન્ટ ૧૧) જલારામ શેરી અંબાનગર ૧૨) નિલકંઠનગર ,ભટાર રોડ ૧૩) યુસીડી સેન્ટર , અંબાનગર ૧૪) સોમનાથ સોસાયટી

- **સેન્ટ્રલ ઝોન**

૧) હરીપુરા , કબ્રસ્તાન ૨) સૈયદપુરા, વાયદા શેરી ૩) શુભમ એપાર્ટમેન્ટ ,શાહપોર ચાર રસ્તા ૪) સૈયદપુરા , અગિયારી શેરી ૫) ગલેમંડી ચાર રસ્તા વિસ્તાર ૬) ગીતા શેરી , સૈયદપુરા ૭) રાણા શેરી ,બેગમપુરા ૮) ચેવલી શેરી,બેગમપુરા ૯)પીપરડી શેરી, સલાબતપુરા ૧૦) જુનો માંછીવનડ, સલાબતપુરા ૧૧) વાવશેરી, સૈયદપુરા ૧૨) મણીરત્ન એપાર્ટમેન્ટ ૧૩) સલાબતપુરા , રેશમવાડ

- **રાંદેરઝોન**

૧) હમજા ટાવર ૨) જીલાની બ્રિજ પાસે ૩) અડાજણ પાટીયા વિસ્તાર ૪) ગોપીનાથ સોસાયટી ૫) સોમેશ્વરા ગાર્ડનની સામે ૬) ઈડબલ્યુએસ આવાસ,પાલનપુર કેનાલ રોડ ૭) સાઈટ એન્ડ સર્વિસ સ્લમ એરીયા ૮) હળપતીવાસ ,ઉગત ૯) ભાગ્યલક્ષ્મી જહાંગીર પુરાઈડબલ્યુએસ આવાસ ૧૦) રંગરાજ રેસી, જહાંગીરપુરા ૧૧) અંબનજી ચકલા

- **કતારગામ ઝોન**

૧) ત્રિવણી સોસાયટી , વેડરોડ ૨) આનંદ પાર્ક સોસાયટી , વેડરરો, ૩) રૂપલ સોસાયટી , ક્રોઝવે રોડ ૪) નિરૂપની સોસાયટી, વાળીનાથ ચોક ૫) સુકન હાઈટસ , ક્રોઝવે રોડ ૬) યમુના પાર્ક સોસાયટી ૭) હરી દર્શનનો ખાડો ૮) લેક્વ્યુ ફ્લેટ ૯) ડભોલી ગામ ૧૦) શ્રી રામ સોસાયટી ૧૧) ડભોલી ચાર રસ્તા , બી.આર.ટી.એસ મેઈન રોડ ૧૨) માધવ બાગ સોસાયટી , ભરીમાતા રોડ ૧૩) પ્રમુખ પાર્ક,શ્રી રામ નગર ૧૪) સાંઈ પુજન રેસીડેન્સી ૧૫) દાનગીરી સોસાયટી ૧૬) પરમહંસ સલસાયટી ૧૭)સડક ફળીયું ૧૮) ગીતાનગર ૧૯) બ્રાહ્મણફળીયું ૨૦)સડક ફળીયું ,ફુલપાડા ગામ ૨૧) ટેકરા ફળીયું ૨૨) ગૌતમનગર ૨૩) શ્રધ્ધા સોસાયટી ૨૪) ગુણાતીતનગર ૨૫) ફુલવાડી સોસાયટી ૨૬) ભરૂચાનગર ૨૭) રામજીનગર ૨૮) વિશાલનગર ૨૯) ધનમોરા ચાર રસ્તા, કબીર આશિષ એપાર્ટમેન્ટ ૩૦) વિહાર સોસાયટી ૩૧) સંતોષીકૃપા સોસાયટી ,ડભોલી ચાર રસ્તા ૩૨) નંદનવન સોસાયટી , ઝોન ઓફીસ પાસે ૩૩) મીરાનગર ૩૪) આંબાતલાવડી, લક્ષ્મી ધર્મ સોસાયટી ૩૫) કૈલાસનગર સોસાયટી, નવીઝોન ઓફીસ પાસે

- **લીમ્બાયત ઝોન**

૧) પરશોત્તમ નગર , પરવત ગામ ૨) નર્મદ નગર, ગોડાદરા ૩) નૂરાનીનગર, મીઠીખાડી ૪) રાજનગર , ભાઠેના ૫) કૈલાસનગર ૬) આસ્તિકનગર ૭) સુભાષનગર ૮) ઉમિયાનગર ૯) મહાદેવનગર ૧૦) ખાનપુરા ૧૧) એપી એમસી માર્કેટ ૧૨) શિવાજીનગર ૧૩) મારૂતીનગર ૧૪) કેશવનગર ૧૫) ડી.કે.નગર ૧૬) મદીના મસ્જિદ ૧૭) સંજયનગર ૧૮) જયરાજનગર ,નવાગામ ડીંડોલી ૧૯) બિલિયાનગર ૨૦) માનસી રેસીડન્સી , ડીંડોલી ૨૧) મહારાણા પ્રતાપ ચોક ,લક્ષ્મી રો હાઉસ ૨૨) કલ્પના નગર , ગોડાદરા ૨૩) ભગવતી પાર્ક એપાર્ટમેન્ટ ૨૪) પુષ્પાનગર ,ભાઠેના ૨૫) ઉમરવાડા ટેનામેન્ટ ૨૬) ડીમ્પલનગર

- **વરાછા ઝોન–એ**

૧) વસંતભીખાની વાડી ૨) જમનાનગર સોસાયટી ૩) સુરભી સોસાયટી ૪) વર્ષા સોસાયટી –૨ ૫) હરિધામ સોસાયટી ૬) રવિ પાર્ક સોસાયટી ૩) ઈડબલ્યુ એસ આવાસ ૪) વિરાટનગર સોસાયટી ૫) શ્રી રામનગર ૬) દીનદયાલનગર ૭) ક્રિષ્નાનગર ૮) રચના સોસાયટી ૯) નિલકંઠ સોસાયટી

- **વરાછા ઝોન–બી**

૧) ટાંકીપાલ વસાહત ૨) રવિપાર્ક સોસાયટી ૩) ગુરૂકૃપા સોસાયટી ૪) ઈશ્વરકૃપા સોસાયટી ૫) સાંકેતધામ સોસાયટી ૬) ભવાનીનગર ૭) ઈન્દ્રલોક રેસીડન્સી ૮) પાંડવનગર ૯) શિવનગર ૧૦) સુમેરૂ રેસીડન્સી ૧૧) મોટાવરાછા હેલ્થ સેન્ટર ૧૨) ક્રિષ્ના ટાઉનશીપ ૧૩) સુદરમ રેસીડન્સી ૧૪) સૌરાષ્ટ્ર ટાઉનશીપ ૧૫) વૃંદાવન હાઈટસ

- **ઉધનાઝોન**

૧) છત્રપતિ શિવાજી નગર ૨) ગૌરી નગર ૩) રમણ નગર ૪) પંચવટી એપાર્ટમેન્ટ ૫) અવિરભાઉ સોસાયટી ૬) કર્મયોગી સોસાયટી ૭) ગણેશનગર ,બમરોલી ૮) સ્વામીનારાયણનગર ,બમરોલી ૯) નાગમણી એપાર્ટમેન્ટ, બમરોલી ૧૦) ગણપતનગર , બમરોલી ૧૧) હરીનગર ,બમરોલી ૧૨) મોરારજી વસાહત , બમરોલી ૧૩) પંચશીલ નગર ૧૪) સ્વામિનારાયણ નગર ૧૫) રામ નગર ૧૬) સરસ્વતી આવાસ, ભેસ્તાન ૧૭) સુડા આવાસ , ભેસ્તાન ૧૮) એચ –૧૫, ભેસ્તાન આવાસ

- **સેમ્પલ કલેક્શન સેન્ટર**

(૧) પનાસ હેલ્થ સેન્ટર, (૨) ડી.કે.એમ. હેલ્થ સેન્ટર,(૩) પાલ હેલ્થ સેન્ટર, (૪) રાંદેર હેલ્થ સેન્ટર (૫) કતારગામ હેલ્થ સેન્ટર, (૬) મગોબ હેલ્થ સેન્ટર, (૭) બમરોલી હેલ્થ સેન્ટર, (૮) ભાઠેના હેલ્થ સેન્ટર ૯) નાના વરાછા અર્બન હેલ્થ સેન્ટર અને તમામ ક્વોરન્ટાઈન કરેલ એરીયામાં સેનેટાઈઝીંગ કરવામા આવેલ છે.

ઉપરોક્ત કામગીરી જાહેરાત સલામતી ને ધ્યાને લઈ કરવામા આવેલ છે.

જનસંપર્ક વિભાગ સુરત મહાનગર પાલિકા તરફથી સાદર...
સમાચાર યાદી નંબર..૨૦૪.......................તા.૧૩/૦૬/૨૦૨૦

# સુરત મહાનગરપાલિકા
## પ્રેસનોટ (COVID-19)

સુરત શહેરમાં કોરોના વાયરસના પોઝિટિવ કેસોમાં સતત વધારો થઈ રહયો છે. શહેરના અન્ય ઝોનની સરખામણીમાં કતારગામ ઝોનમાં ડાયમંડ વ્યવસાય સાથે સંકળાયેલ રત્નકલાકારોમાં પોઝિટિવ કેસોની સંખ્યા વધતા ચિંતિત થઈ ડાયમંડ ઉદ્યોગમાં પ્રસરી રહેલ કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રિત કરવા માટે માર્ગદર્શન આપવા આજરોજ માન. મેયર ડો. જગદીશ પટેલ, માન. ડે. મેયર શ્રી નીરવ એસ.શાહ અને માન. કમિશનરશ્રી બંછાનિધિ પાનીની ઉપસ્થિતિમાં મુગલીસરા, નવા સ્થાયી સમિતિ સભાખંડમાં ડાયમંડ ઉદ્યોગના અગ્રણીઓ સાથે મિટિંગનું આયોજન કરવામાં આવેલ હતું.

સદર મિટિંગમાં માન. મેયરશ્રીએ જણાવ્યું હતું કે સરકારશ્રી ધ્વારા અનલોક–૦૧ જાહેર કરી જેમાં આર્થિક ગતિવિધિઓને વેગવાન બનાવવા કેટલીક છૂટછાટો સાથે ઉદ્યોગ ધંધા શરૂ કરવાની મંજૂરી આપવામાં આવેલ તે સંદર્ભે સુરત શહેરમાં ઉદ્યોગ ધંધાઓ શરૂ કરવામાં આવેલ. હાલમાં શહેરમાં કોરોના વાયરસનું સંક્રમણ ખૂબજ ઝડપથી વધી રહયું છે. કોરોના વાયરસને નિયંત્રિત કરવા માટે સુરત મહાનગરપાલિકાએ તમામ ઝોન વિસ્તારમાં ફીવર કલીનીકો શરૂ કરી ડોર ટુ ડોર સર્વેક્ષણની કામગીરીઓ શરૂ કરવામાં આવેલ. સુરત મહાનગરપાલિકા એકમાત્ર એવી મહાનગરપાલિકા છે કે જેણે શહેરના તમામ ડોકટરોને પોતાની સાથે જૈમિની એપ ધ્વારા જોડેલ છે. જૈમિની એપ ધ્વારા સુરત મહાનગરપાલિકાને ARI ના કેસોની માહિતી મળે છે. આમ શહેરમાં ફેલાતા કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રિત કરવા તમામ પ્રકારની કામગીરી હાથ ધરેલ છે. તેમ છતાં લોકોમાં કોરોના વાયરસની ગાઈડલાઈનનું પાલન ન થતું હોવાથી કોરોનાના પોઝિટિવ કેસોનું પ્રમાણ વધી રહયું છે જેથી તમામ લોકો સ્વનિરીક્ષણ કરે અને ગાઈડલાઈનનું પાલન કરે તે આવશ્યક છે.

માન. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે હાલમાં ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝમાં કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા વધી રહેલ છે. હાલમાં અમરોલી,

કોસાડ, રહેમતનગર કોલોની વિગેરે વિસ્તારોમાં પોઝિટિવ કેસોની સંખ્યામાં ઘટાડો થયો છે પરંતુ સોસાયટી વિસ્તારોમાં કોરોનાના પોઝિટિવ કેસોની સંખ્યા વધી રહી છે. આ બાબતે અગાઉ પણ માન. મેયર ડો. જગદિશ પટેલે કતારગામ ઝોનમાં ડોકટર્સ તથા અગ્રણીઓ સાથે મિટિંગ યોજવામાં આવેલ હતી જેમાં થોડા પરીણામો જોવા મળેલ, હાલમાં કતારગામ અને અન્ય સ્થળોએ રત્નકલાકારોમાં મોટા પ્રમાણમાં પોઝિટિવ કેસો નોંધાયેલ છે. આગામી દિવસોમાં તેનું પ્રમાણ વધી શકે છે. જેથી તમામ રત્નકલાકારોને સંક્રમણ ન થાય તેની તકેદારી રાખવા જણાવેલ છે. તથા ફરજીયાત સામાજીક અંતર જાળવવું, માસ્ક પહેરવું, વારંવાર હાથ સેનીટાઈઝ કરવા અથવા સાબુથી ધોવા અતિ આવશ્યક છે. જેથી કોરોના વાયરસનું સંક્રમણ નિયંત્રિત કરી શહેરને સુરક્ષિત કરી શકાય. ડાયમંડ ઉદ્યોગોના અગ્રણીઓએ સુરત મહાનગરપાલિકાને યોગ્ય સહકાર આપવા તમામ પ્રકારની સાવચેતી અને ગાઈડલાઈનનું પાલન કરવા સહમતિ દર્શાવી હતી.

અંતમાં માન. ડે. મેયર શ્રી નીરવ એસ.શાહે નવા સ્થાયી સમિતિ રૂમમાં અલ્પ સમયમાંજ મિટિગ યોજવામાં આવેલ જેમાં ઉપસ્થિત રહેલ તમામ હીરા અગ્રણીઓએ આપેલ સહકાર બદલ તેઓનો આભાર વ્યકત કર્યો હતો.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી,સાદર સમાચાર યાદી નં.૨૦૫, તા.૧૩/૦૬/૨૦૨૦

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ (COVID-19)

સુરત શહેરમાં પ્રતિદિન નોવેલ કોરોના વાયરસનું સંક્રમણ સતત તીવ્ર ગતીએ વધી રહયું છે સરકારશ્રી ધ્વારા થી અનલોક–૦૧ જાહેર કરવામાં આવતા ઉધોગોને ગાઈડલાઈનનું ચૂસ્તપણે અમલ કરવાની શરતે ઘણી છૂટછાટ આપવામાં આવી હતી તેમજ સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરીજનો અને વિવિધ પ્રકારના ધંધા–વ્યવસાય સાથે સંકળાયેલ લોકોને કોરોના વાયરસની મહામારીથી બચવા માસ્ક પહેરવા, સોશિયલ ડિસ્ટનસીગ રાખવા અને દિવસ દરમ્યાન વારંવાર સાબુથી હાથ ધોવા તેમજ સેનીટાઈઝરનો ઉપયોગ કરવા ઘણીવાર અપીલ કરવામાં આવી છે.

આજરોજ શહેરમાં કુલ ૫૩ કોરોનાના પોઝિટિવ કેસ નોંધાયેલ છે જેમાં રાંદેરઝોન વિસ્તારમાંથી ૦૧ કેસ પોઝિટિવ નોંધાયેલ છે જે વ્યકિત મહિધરપુરામાં હીરા દલાલ તરીકે કામ કરતા હતા આથી તાકીદના ધોરણે મહિધરપુરા હીરા બજારમાં કામગીરી કરતા તમામ લોકોને સ્વયંભૂ ૧૪ દિવસ સુધી કોવોરેન્ટાઈન થવા સુરત મહાનગરપાલિકા ધ્વારા અપીલ કરવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી,સાદર સમાચાર યાદી નં.૨૦૬, તા.૧૩/૦૬/૨૦૨૦

# પ્રેસ નોટ
# નોર્થ ઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

આજરોજ તા.૧૫/૦૬/૨૦૨૦ ના રોજ કોવીડ–૧૯ વૈશ્વિક મહામારી સંદર્ભે નોર્થ ઝોન(કતારગામ) વિસ્તારમાં સુરત મહાનગરપાલિકા દ્વારા જનજાગૃતિ તથા કોરોના સબંધે અટકાયતી પગલા રૂપે ધનમોરા વિસ્તારનાં શ્યામવાડી નજીકનાં લત્તામાં બહારના વિસ્તારોમાંથી વેજીટેબલ્સ વિગરે મોટી ટ્રકોમાં લાવી તેનો સંગ્રહ કરી જથ્થાબંધ શાકભાજી વિવિધ વિસ્તારોમાં સપ્લાય કરતાં ૨(બે) ગોડાઉનોને સીલીંગ કરવામાં આવેલ.

અત્રેનાં ઝોનમાં વસ્તાદેવડી રોડ ઉપર તથા ગોટાલાવાડી સ્થિત નંદુડોશીની વાડીમાં આવેલ મનુ ઈમ્પેક્ષ, વિનર ટેકનોલોજી, રીવાન ઈમ્પેક્ષ, મારૂતી ઈમ્પેક્ષ, કે.લાલજી ડાયમંડ, રાધા કૃષ્ણ જેમ્સ તથા ડીવાઈન જેમ્સ વિગેરે હીરાનાં વ્યવસાય કરતાં એકમોમાં આજરોજ COVID-19 અંતર્ગત નામદાર સરકારશ્રી ધ્વારા જાહેર કરવામાં આવેલ વિવિધ ગાઈડ લાઈન ને અનુરૂપ વ્યવસ્થાતંત્ર ગોઠવાયેલ છે કે કેમ ? તે બાબતે ચકાસણી હાથ ધરવામાં આવેલ. આ ઉપરાંત જેમાં કોરોના પોઝીટીવ કેસ મળી આવેલ છે તેવી ડાયમંડ ફેકટરીઓ પૈકી (૧) વસ્તાદેવડી ખાતેની મનુ ઈમ્પેકસ નાં બીજા માળે સ્થિત એકાઉન્ટ સેકશનને બંધ કરાવી ૧૦ જેટલા વર્કરોને કોરોનટાઈન કરાવવામાં આવેલ. (૨) નગીનાવાડી રોડ ઉપર આવેલ મારૂતિ ઈમ્પેક્ષના બીજા માળે આવેલ એસોર્ટીગ વિભાગને બંધ કરાવડાવી ૧૧ જેટલા કારીગરોને કોરોનટાઈન કરાવવામાં આવેલ. તથા (૩) ગોટાલાવાડી નાં નંદુડોશીની વાડી તરીકે ઓળખાતા વિસ્તારના કણબી ફળિયામાં આવેલ રાધા કૃષ્ણ જેમ્સ, ડાયમંડ ફેકટરીનાં બીજામાળનાં આખા યુનિટને બંધ કરાવડાવી ત્યાં કામ કરતા ૩૮ જેટલા વર્કસ ને કોરોનટાઈન કરાવવામાં આવેલ.

ઉપરોક્ત ડાયમંડ યુનિટોમાં કામ કરતાં કારીગરો વચ્ચે સોશિયલ ડીસટન્સીગનાં નિયમોનાં ભંગ બદલ રૂ.૩૦૦૦/– જેટલી રકમની પેનલ્ટી ફટકારવામાં આવેલ છે. આ અંગે આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ ચાલુ રાખવામાં આવનાર છે.

વધુમાં, નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં આજરોજ દબાણ દુર કરવાની કામગીરી માં માધવાનંદ આશ્રમ રોડ, પારસ શાક માર્કેટ, બળવંત નગર, ધનમોરા મેઈન રોડ, મગન નગર, બાપા સીતારામ ચોક, નારાયણ નગર સહિતનાં વિવિધ વિસ્તારોમાંથી ૨૭ નંગ –ખુલ્લીલારી, ૨૧૦ નંગ–પાથરણાં જપ્ત કરવામાં આવેલ છે. અને ઉપરોક્ત વિસ્તારોમાં જાહેરમાર્ગ ઉપર સોશિયલ ડીસ્ટન્સ પાલન ન કરતાં દુકાનદારો, લારી ગલ્લાંવાળા, માસ્ક વિના ફરતાં ઈસમો પાસેથી પણ રૂ. ૨૭૮૦૦/– જેટલી દંડનીય વસુલાત કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૨૦૭
તા. ૧૫–૦૬–૨૦૨૦

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ (COVID-19)

સુરત મહાનગરપાલિકા ધ્વારા નોવેલ કોરોના વાયરસના સંક્રમણને ફેલાતો અટકાવવા અથાગ પ્રયત્ન કરી રહી છે, પરંતુ કેટલાક શહેરીજનો ધ્વારા સુરત મહાનગરપાલિકા ધ્વારા સૂચવવામાં સોશિઅલ ડિસ્ટન્સ રાખવું, માસ્ક પહેરવું, વારંવાર હાથ સાબુથી ધોવા વગેરે કાળજી રાખવાની SOP નું પાલન યોગ્ય રીતે કરવામાં આવતું નથી પરિણામે છેલ્લા થોડા દિવસોમાં કોરોનાનું સંક્રમણ ખૂબ જ વધી ગયું છે. હાલમાં આપણી પાસે અસ્ત્ર, શસ્ત્ર, અને બ્રહમાસ્ત્ર પણ માસ્ક જ છે એટલે કોરોના સામેની જંગમાં માસ્ક અતિ આવશ્યક છે. આથી તમામ શહેરીજનો ધ્વારા કોરોનાથી રક્ષણ મેળવવા માટે એક " માસ્ક વોરિયર" નું અભિયાન શરૂ કરવા અપીલ કરવામાં આવે છે. જેમાં શહેરના અગ્રણીઓ સામાજિક-સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ તથા યુવાવર્ગો ધ્વારા શહેરીજનોમાં માસ્ક અંગે જાગૃતિ લાવી માસ્ક વોરીયર બનો જેથી શહેરને પુનઃ સ્વસ્થ સુરત બનાવી શકાય.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં. ૨૦૮
તા.૧૫/૦૬/૨૦૨૦

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ (COVID-19)

વૈશ્વિક નોવેલ કોરોના વાયરસની મહામારીની શહેરની હાલની પરિસ્થિતીમાં સેન્ટ્રલ ઝોનના સૈયદપૂરા, ભાગળ, રૂસ્તમપુરા, સગરામપુરા, સલાબતપુરા, ગોપીપુરા, મુગલીસરા અને તેના આજુબાજુના વિસ્તારોમાં અને કતારગામ ઝોનના અમરોલી , વેડરોડ , સિંગણપોર, ડભોલી, કોસાડ, ભરીમાતા વિગેરે તેમજ લિંબાયત ઝોનના આઝાદનગર, મહાપ્રભુનગર , ભાઠેના, પરવટગામ, પરવટ પાટીયા, ડિંડોલી, ગોડાદરા, નિલગિરી વિગેરે વિસ્તારોમા કેસોનું પ્રમાણ વધુ મળેલ છે. જેથી આ વિસ્તારમાં કોરોના વાયરસના સંક્રમણ ફેલાવાની શકયતા વધારે હોય જેથી આ વિસ્તારના લોકો અને અન્ય તમામ શહેરીજનોએ સોશિઅલ ડિસ્ટન્સ રાખવું, માસ્ક પહેરવું,વારંવાર હાથ સાબુથી ધોવા વગેરે કાળજી રાખવી જરૂરી છે

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં...૨૦૯
તા.૧૫/૦૬/૨૦૨૦

# <u>પ્રેસ નોટ</u>

હાલમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ને વિશ્વ આરોગ્ય સંસ્થા ધ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. જેથી હાલની નોવેલ કોરોના વાયરસ (COVID-19) ની પરિસ્થિતિને ધ્યાને લઈ રાજય સરકારશ્રીએ કોવિડ–૧૯ અંતર્ગત આઉટ રીચ ઓપીડી તેમજ તમામ આરોગ્ય સેવાની કામગીરી માટે સુરત મહાનગરપાલિકાને ૨૦ મોબાઈલ હેલ્થ યુનિટ( આરોગ્ય સંજીવની રથ) ફાળવવામાં આવેલ છે.

આ આરોગ્ય સંજીવની રથનો શુભારંભ આજ રોજ સ્મીમેર ખાતે રાખવામાં આવેલ હતો જેમાં માન. મેયરશ્રી, માન. ડે. મેયરશ્રી, માન. ચેરમેનશ્રી(સ્થાયી સમિતિ), માન. ચેરમેનશ્રી(હોસ્પિટલ સમિતિ), મે. કમિશ્નરશ્રી(સુરત મહાનગરપાલિકા), મે. કમિશ્નરશ્રી( નગરપાલિકા વહીવટ), ડે. કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ), ડીનશ્રી(સ્મીમેર) તથા આરોગ્ય અધિકારીશ્રી અને કર્મચારી ગણની ઉપસ્થિતિમાં લીલી ઝંડી આપી કામગીરીનો પ્રારંભ કરવામાં આવેલ છે.

આ આરોગ્ય સંજીવની રથ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વે દરમ્યાન શોધાયેલ ARI નાં કેસોને તેમજ અન્ય કેસોને સ્થળ પર જ સારવાર આપવામાં આવશે તેમજ જો જરૂર જણાય તો તેમને રીફર કરવામાં આવશે.વધુમાં જે હાઈરીસ્ક વ્યકિતઓ (હાઈપર ટેન્શન,ડાયાબીટીસ કે અન્ય લાંબા ગાળાની બિમારીઓ ધરાવતા દર્દીઓ વિગેરે) અથવા હાઈરીસ્ક કોન્ટેકટસ હોય તેમને પ્રોફાઈલેકસીસ/ આર્યુવેદિક/હોમીયોપેથીક દવા પણ આપવામાં આવશે.સદર આરોગ્ય સંજીવની રથ દ્વારા દવાની સાથે સાથે કોરોના અટકાયતી પગલા અંગેની સમજ તેમજ મેન્ટલ હેલ્થ અંગેનાં કાઉન્સેલીંગની સેવા આપવામાં આવશે.

આ આરોગ્ય સંજીવની વાન લિંબાયત ઝોનમાં –૪, કતારગામ ઝોનમાં–૪, વરાછા–એ ઝોનમાં–૩, ઉધના ઝોનમાં–૨, વરાછા–બી ઝોનમાં–૨, વેકશીન વિભાગમાં–૨, રાંદેર ઝોનમાં–૧, અઠવા ઝોનમાં–૧ અને સેન્ટ્રલ ઝોનમાં–૧ મળી કુલ ૨૦ યુનિટ ફાળવી આપવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં..૨૩૭..
તા.૨૬/૦૬/૨૦૨૦









# પ્રેસ નોટ
# નોર્થ ઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

આજરોજ તા.૧૭/૦૬/૨૦૨૦ ના રોજ કોવીડ–૧૯ વૈશ્વિક મહામારી સંદર્ભે નોર્થ ઝોન(કતારગામ) વિસ્તારમાં સુરત મહાનગરપાલિકા દ્વારા જનજાગૃતિ તથા કોરોના સબંધે અટકાયતી પગલા રૂપે અત્રેનાં ઝોનમાં વસ્તાદેવડી રોડ ઉપર તથા ગોટાલાવાડી સ્થિત નંદુડોશીની વાડીમાં આવેલ શિવમ એક્ષપોર્ટ, દષ્ટ્રિ જેમ્સ, જમુનેશ ડાયમંડ, શ્રીજી જેમ્સ વિગેરે હીરાનાં વ્યવસાય કરતાં એકમોમાં આજરોજ COVID-19 અંતર્ગત નામદાર સરકારશ્રી ધ્વારા જાહેર કરવામાં આવેલ વિવિધ ગાઈડ લાઈન ને અનુરૂપ વ્યવસ્થાતંત્ર ગોઠવાયેલ છે કે કેમ ? તે બાબતે ચકાસણી હાથ ધરવામાં આવેલ. આ ઉપરાંત જેમાં કોરોના પોઝીટીવ કેસ મળી આવેલ છે તેવી ડાયમંડ ફેકટરીઓ પૈકી (૧) ઓમ સ્ટાર ડાયમંડ, ૩૦૧– દાનેવ એસ્ટેટ, નંદુડોશીની વાડી સ્થિત ઓફિસ સેકશનને બંધ કરાવી ૧ વર્કર ને કોરોનટાઈન કરાવવામાં આવેલ. (૨) નિવમ ડાયમંડ, એ/૧૦૪, ક્રિષ્ણા ડાયમંડ બિલ્ડીગ, વસ્તાદેવડી રોડ સ્થિત ઓફિસ સેકશનને બંધ કરાવી ૫ વર્કરો ને કોરોનટાઈન કરાવવામાં આવેલ. (૩) વૈશાલી જેમ્સ, ડાયમંડ ફેકટરીનાં બીજામાળનાં પોલીશીંગ યુનિટને બંધ કરાવડાવી ત્યાં કામ કરતા ૩૫ જેટલા વર્કસ ને કોરોનટાઈન કરાવવામાં આવેલ. (૪) શ્રીજી જેમ્સ, નંદુડોશીની વાડી સ્થિત એક સેકશનને બંધ કરાવી ૩૫ વર્કરો ને કોરોનટાઈન કરાવવામાં આવેલ.તથા (૫)દષ્ટ્રિ જેમ્સ, ૩૦૨, સીતારામ કોમ્પલેક્ષ, નંદુડોશીની વાડી અને જમુનેશ ડાયમંડ, ૨૦૧, સીતારામ કોમ્પલેક્ષ, નંદુડોશીની વાડી સ્થિત આવેલ સંપૂર્ણ ડાયમંડ કંપનીની કોરોનટાઈન કરવામાં આવેલ છે.

ઉપરોકત ડાયમંડ યુનિટોમાં COVID-19 ને અનુરૂપ ગાઈડ લાઈન/નિયમોનાં ભંગ બદલ રૂ.૧૪૦૦૦/– જેટલી રકમની પેનલ્ટી ફટકારવામાં આવેલ છે. આ અંગે આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ ચાલુ રાખવામાં આવનાર છે.

વધુમાં, નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં આજરોજ દબાણ દુર કરવાની કામગીરી માં માન સરોવર સર્કલ (અમરોલી), ક્રોસ રોડ(અમરોલી), વી.આઈ.પી. સર્કલ(ઉત્રાણ), આનંદ પાર્ક, ધ્રુવપાર્ક સોસાયટી સહિતનાં વિવિધ વિસ્તારોમાંથી ૫૬ નંગ – ખુલ્લીલારી, ૨૪૦ નંગ–પાથરણાં જપ્ત કરવામાં આવેલ છે. અને ઉપરોકત વિસ્તારોમાં જાહેરમાર્ગ ઉપર સોશિયલ ડીસ્ટન્સ પાલન ન કરતાં દુકાનદારો, લારી ગલ્લાંવાળા, માસ્ક વિના ફરતાં ઇસમો પાસેથી પણ રૂ. ૩૬૯૦૦/– જેટલી દંડનીય વસુલાત કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર<br>
સમાચાર યાદી નં.૨૧૧<br>
તા. ૧૭–૦૬–૨૦૨૦

# <u>પ્રેસનોટ</u>

સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

## <u>વૈશ્વિક મહામારી COVID-19 અંતર્ગત કામગીરી</u> :–

સેન્ટ્રલ ઝોનના ડે.કમિશનરશ્રી અને કાર્યપાલક ઇજનેરશ્રીની સુચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં COVID-19 વૈશ્વિક મહામારી સંદર્ભે કોરોના ફેલાવો અટકાવવા અંગે જનજાગૃતિ લાવવા તથા રોગચાળાના અટકાયતી પગલારૂપે તા.૧૧/૦૬/૨૦૨૦ થી તા.૧૭/૦૬/૨૦૨૦ ના રોજ નામદાર સરકારશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ વિવિધ ગાઈડલાઈનને અનુરૂપ માસ્ક, સોશ્યલ ડિસ્ટન્સીગ, સેનીટાઈઝર, થર્મલ સ્ક્રીનીગ તેમજ ૫૦% સ્ટાફ રાખી કામગીરી કરવા અંગે વ્યવસ્થા તંત્ર ગોઠવાયેલ છે કે કેમ ? તે બાબતે સેન્ટ્રલ ઝોન વિસ્તારોમાં આવેલ પાનના ગલ્લાઓ, ખાણીપીણીની લારીઓ, મોલ, સુપરમોલ, કરીયાણાની દુકાનો, દુધની ડેરીઓ, શાકભાજી/મટન/ફિશ બજાર,ટેક્ષટાઈલ માર્કેટ,હીરાબજાર તથા મેડીકલ સ્ટોરમાં માસ્ક, સોશ્યલ ડિસ્ટન્સીગ, સેનીટાઈઝર તથા અન્ય રાખવા જોગ વ્યવસ્થાના ભંગ બદલ રૂા.૫૪,૭૦૦/– દંડ પેટે વસુલ લેવામાં આવેલ છે. તેમજ તમામ લોકોને ફરજીયાત સામાજીક અંતર જાળવવા, માસ્ક પહેરવા, વારંવાર હાથ ધોવા તથા હાથ સેનિટાઈઝ કરવા તેમજ સરકારશ્રીની તમામ ગાઈડ લાઈનનું પાલન કરવા સૂચના આપી જાગરૂકતા લાવવા અંગેના પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે. આ અંગે આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ યથાવત રાખવામાં આવનાર છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૨૧૨
તા.૧૭/૦૬/૨૦૨૦

# સુરત મહાનગરપાલિકા

**<u>પ્રેસનોટ (COVID-19)</u>**

તાજેતરની કોરોનાની પરિસ્થિતિને ધ્યાને લઈ જે વ્યકિતઓને હાયપરટેન્શન, બ્લડ પ્રેશર, ડાયાબીટીસ, હાર્ટની બીમારી, કિડનીની બીમારી વિગેરે કો–મોર્બિડ કન્ડિશન ધરાવતા હોય અને તેઓ કોઈ ધંધા રોજગાર સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલા હોય અને તેમણે ધંધા રોજગાર માટે ન છૂટકે બહાર નીકળવું પડે એમ હોય તો તેમને કોરોના વાયરસનું સંક્રમણ થવાની શકયતા રહેલી છે. આવી કો–મોર્બિડ કન્ડિશન ધરાવતી વ્યકિતઓએ ખૂબ જ કાળજી રાખવાની જરૂર છે અને સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ ગાઈડલાઈન કે જેમાં સોશિઅલ ડિસ્ટન્સ રાખવું, માસ્ક પહેરવું, વારંવાર હાથ સાબુથી ધોવા વગેરે કાળજી રાખવાનું જણાવવામાં આવ્યું છે તેનું પાલન અચુકપણે કરવાનું રહેશે. જેથી તેઓ કોરોનાના સંક્રમણથી બચી શકે અને સ્વસ્થ રહી શકે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં.૨૧૩
તા.૧૭/૦૬/૨૦૨૦

# સુરત મહાનગરપાલિકા

**પ્રેસનોટ (COVID-19)**

આજરોજ રાંદેર ઝોનમાં કુલ **૫** કેસ પોઝિટીવ આવેલા છે તેમાં **૧** કેસ **૭૪** વર્ષના મહિલાનો પોઝિટિવ આવેલ છે. તેમના ઘરમાં અગાઉ પોઝિટિવ કેસ નોંધાયા હતા ત્યારે તેમને પ્રાથમિક સારવાર આપવામાં આવેલ હતી તેના પરિણામ સ્વરૂપે આજે તેમની પરિસ્થિતી સ્ટેબલ છે આમ જે લોકોને **A.R.I** ના લક્ષણો દેખાઈ તો તેઓએ તાત્કાલિક પ્રાથમિક સારવાર મેળવે તો તેઓ કોરોના વાયરસથી બચી શકે છે.

તાજેતરની કોરોનાની પરિસ્થિતીને ધ્યાને લઈ તમામ શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપિલ કરવામાં આવે છે કે તેઓને **A.R.I** ના લક્ષણો દેખાઈ તો તાત્કાલિક નજીકના આરોગ્યકેન્દ્રનો સંપર્ક કરી પ્રાથમિક સારવાર મેળવે જેથી તેઓ કોરોના વાયરસના સંક્રમણથી બચી શકે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૨૧૪
તા.૧૭/૦૬/૨૦૨૦

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

શહેરમાં કોરોના વાયરસનું સંક્રમણ વધી રહયું છે અને બીજી તરફ ચોમાસાની ઋતુની શરૂઆત થઈ રહી છે. સુરત મહાનગરપાલિકા જાહેર જનતાને શુદ્ધ પાણી અને સ્વચ્છ વાતાવરણ પુરૂં પાડવા કટીબદ્ધ છે. આ ચોમાસાની ઋતુમાં પાણીજન્ય રોગોનું પ્રમાણ વધવાની શકયતાઓ રહેલી છે. જેના કારણે વિવિધ સંક્રામક બિમારીઓ થતી હોય છે. જેથી શહેરીજનોના આરોગ્ય પર વિપરીત અસરો પડી શકે છે. રોગ ન થાય તે માટે શહેરીજનોને તકેદારીના ભાગરૂપે નીચે જણાવેલ સાવચેતી રાખવા અપીલ છે.

**ચોમાસાની ઋતુમાં પાણીજન્ય રોગચાળાની અટકાયત અને નિયંત્રણમાં રાખવા જાહેરજનતાએ નીચે મુજબની સુચનાઓ અનુસરવી.**

- પાણીના સોર્સની મેઈન ટાંકીઓની નિયમિત સમયાંતરે સફાઈ કરાવવી.
- પીવાના પાણીના તમામ સ્ત્રોતોની આજુ બાજુ સ્વચ્છતા જાળવવી.
- બરફ બનાવતી ફેકટરીઓએ બરફ બનાવવા માટે ક્લોરીનેશન યુક્ત સલામત પાણીનો વપરાશ ચુસ્તપણે કરવો.
- જાહેર જગ્યાઓએ અને હોટલ, રેસ્ટોરન્ટ, ચા–નાસ્તાની લારીઓ, પીવાના પાણીની પરબો, શેરડીના રસના કોલા, પાર્લર વગેરે જગ્યાઓએ કલોરીનેશન કરેલું સલામત પાણી જ વાપરવું. તેમજ ખાદ્ય પદાર્થો ઉઘાડા અને વાસી ન હોય તેની તકેદારી રાખવી.
- શાળા, કોલેજો, મોલ, હોટલ, રેસ્ટોરન્ટ, ટેકસટાઈલ માર્કેટો વગેરે જેવી જાહેર સંસ્થાઓમાં પાણી સંગ્રહ સ્થાન (ટાંકી/ટાંકા)ની નિયમિત સાફસફાઈ થાય તેની તકેદારી જે તે સંસ્થાઓએ રાખવી.
- ઝાડા, ઝાડા–ઉલ્ટીના રોગચાળામાં Oral Rehydration Solution(ORS)નું સેવન કરવું.
- પાણીજન્ય રોગ જણાય તો નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લેવી.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં..૨૧૫
તા.૧૮/૦૬/૨૦૨૦

Scanned by CamScanner

# :: પ્રેસનોટ ::

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા ૨૧ જૂન વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગ રૂપે "યોગ કરીશું, કોરોનાને હરાવીશું" જનજાગૃતિ અભિયાન.

ભારતના માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના અડગ વ્યકિતત્વને વિશ્વની મહોર સમાન વિશ્વ સમુદાયને "વિશ્વ યોગ દિવસ" તરીકે અપનાવવા સંયુકત રાષ્ટ્ર સંઘ સમક્ષ કરેલ અપીલને સંયુકત રાષ્ટ્ર સંઘએ યોગ સુખી જીવન જવવા માટેનું સંપૂર્ણ વિજ્ઞાન તરીકે સ્વીકૃતિ આપી ૨૧ જૂનને "વિશ્વ યોગ દિવસ" તરીકે જાહેર કરતાં સને ૨૦૧૫ના વર્ષથી 'વિશ્વ યોગ દિવસ' ઉજવણી કરવામાં આવી રહી છે. ભારત સરકાર અને રાજય સરકારશ્રીની સુચના મુજબ સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રતિ વર્ષ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુમન હાઈસ્કુલ અને ખાનગી સ્કુલોના વ્યાયામ શિક્ષકો, પતંજલિ યોગ સમિતિ, આર્ટ ઓફ લિવિંગ, બ્રહ્મકુમારીઝ તથા યોગ વિદ્યાની જાણકારી ધરાવતાં વિવિધ સંસ્થાઓના માસ્ટર ટ્રેઈનરો પાસેથી યોગ ઉત્સુક નગરજનો તથા વિદ્યાર્થીઓ યોગ પ્રશિક્ષણ મેળવી યોગ નિદર્શનમાં સહભાગી બની ૨૧મી જૂને ગૌરવભેર ઉજવણી કરવામાં આવે છે.

હાલમાં COVID-19ની પરિસ્થિતિને ધ્યાને લઈ કોઈપણ પ્રકારના જાહેર કાર્યક્રમો કરવાને બદલે આ વર્ષે ૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગ રૂપે ઘરે જ રહી પરિવાર સાથે યોગ કરીએ "યોગા એટ હોમ, યોગા વીથ ફેમિલી". રાજય સરકારશ્રીના "યોગ કરીશું, કોરોનાને હરાવીશું" જનજાગૃતિ અભિયાન અંતર્ગત કોરોના સામેની લડાઈમાં યોગ એ અમોઘ અને શકિતશાળી શસ્ત્ર સમાન યોગના મહત્વને ઉજાગર કરતા દેશ અને રાજયની પ્રતિષ્ઠીત વ્યકિતઓ દ્વારા યોગાસન, ધ્યાન અને પ્રાણાયામ વિશે ફેસબુક પેજ પર લાઈવ થનારા કાર્યક્રમમાં જોડાવવા સુરત મહાનગરપાલિકા તરફથી અપીલ કરવામાં આવે છે.

**વધુમાં તથા તા.૧૯/૦૬/૨૦૨૦ના રોજ ઘરે, અગાસીમાં, આંગણામાં અનુકુળ જગ્યાએ પરિવાર સાથે મનગમતું યોગાસન કરી તેનો ફોટો ફેસબુક, ટવીટર, ઈન્સ્ટાગ્રામ જેવા સોશ્યલ મીડિયા પર** #DoYogaBeatCorona સાથે પોસ્ટ કરવાનો રહેશે. શહેરમાં આવેલ વિવિધ યોગ સંસ્થાઓ દ્વારા આયોજીત ઓન લાઈન યોગના વર્કશોપમાં ભાગ લઈ "વિશ્વ યોગ દિવસ"ની ઉજવણીએ શારીરિક, માનસિક અને વૈચારીક તંદુરસ્તી પ્રદાન કરતી યોગ વિદ્યાને દૈનિક જીવનમાં સામેલ કરી જીવનને ઉત્તમોત્તમ બનાવવા તથા તંદુરસ્ત આનંદમય જીવન જીવવા યોગનું મહત્વ સ્વીકારી તેને જીવન શૈલીનો એક ભાગ બનાવી અન્ય લોકોને પણ નિરોગી તંદુરસ્ત જીવન જીવવા યોગ માટે પ્રેરિત કરવા નગરજનોને હાકલ કરવામાં આવે છે.

સમાચારયાદી નં. ૨૧૬ , તા.૧૮/૦૬/૨૦૨૦, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# :: પ્રેસનોટ ::

## સુરત મહાનગરપાલિકા
## ઈલેકશન એન્ડ સેન્સસ વિભાગ

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના નોટીફીકેશન નં. KV/46 of 2020 / SMN / 902019 / 9933 / P તા.૧૮/૦૬/૨૦૨૦ થી સુરત મહાનગરપાલિકાની હાલની હદમાં નીચે જણાવેલ ૦૨ (બે) નગરપાલિકાઓ તથા ૩૧ (એકત્રીસ) ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે.

– ચોર્યાસી તાલુકાની ૦૨ નગરપાલિકાઓ સચીન અને કનસાડ તેમજ

–ઓલપાડ તાલુકાના ૦૪ (ચાર) ગામ સેગવા સ્યાદલા, વસવારી ,ગોથાણ, ઉમરા ગામ,

–ચોર્યાસી તાલુકાના ૧૮ (અઢાર) ગામ ભરથાણા–કોસાડ,પારડી– કણદે, તલંગપોર, પાલી, ઉંબેર(સચીન નોટીફાઈડ વિસ્તાર સિવાય), કાંદી ફળીયા,ભાટપોર, ભાઠા, ઈચ્છાપોર, ભેંસાણ, ઓખા, વણકલા, વિહેલ, ચીચી, અસારમાં, કુભારીયા, સારોલી અને સણિયા–હેમાદ

–કામરેજ તાલુકાના ૦૯ (નવ) ગામ કઠોદરા, વાલક, વેલંજા,અબ્રામાં ભાદા, કઠોર, ખડસદ, લસકાણા અને પાસોદરા

સુરત મહાનગરપાલિકાનો હાલનો વિસ્તાર ૩૨૬.૫૧૫ ચો.કિ.મી.છે જેમાં ઉપરોક્ત નગરપાલિકાઓ તથા ગામોનો આશરે કુલ વિસ્તાર ૧૪૭.૬૭૦ ચો.કિ.મી.નો સમાવેશ થતા સુરત મહાનગરપાલિકાનો કુલ વિસ્તાર ૪૭૪.૧૮૫ જેટલો થાય તેમ છે તેમજ સુરત મહાનગરપાલિકાની વસ્તી ગણતરી–૨૦૧૧ મુજબની વસ્તી ૪૪,૬૬,૮૨૬ છે. જેમા ઉપરોકત નગરપાલિકાઓ તથા ગામો સહિતની વસતી ૧,૭૬,૦૦૩ નો વધારો થતા સુરત મહાનગરપાલિકાનો કુલ વસ્તી ૪૬,૪૨,૮૨૯ જેટલી થાય તેમ છે.

જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૨૧૭ તા.૧૮/૦૬/૨૦૨૦

C:\Users\USER1~1.PRO\AppData\Local\Temp\ELECTION PRESS NOTE.doc

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ (COVID-19)

સુરત શહેરમાં ગઈકાલ સુધી ૨૮૪૧ કોરોના પોઝીટીવ કેસો નોંધાયેલ હતા. જેમાં આજ રોજ નવા ૬૩ કેસો નોંધાયા છે. આજના આ ૬૩ કેસો સાથે કુલ કેસોની સંખ્યા ૨૯૦૪ થયા છે અને જેનો પોઝીટીવી રેશીયો ૧૦.૭% થયા છે.

આજ રોજ કતારગામ ઝોનમાં વેડ રોડ ખાતે રહેતા બ્લડપ્રેશર અને ડાયાબીટીસ ધરાવતા ૧૮ વર્ષના પુરૂષનું તથા ઉધના ઝોનમાં પાંડેસરા ખાતે બ્લડપ્રેશર, ડાયાબીટીસ અને લિવરની બિમારીથી પીડીત ૬૨ વર્ષના મહિલા મળી કુલ ૦૨ વ્યકિતઓના સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મુત્યુ થયેલ છે.

ગઈકાલ સુધી ૧૯૩૪ કેસોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા. આજ રોજ સમરસના ૨૭ વ્યકિતઓ અને સિવિલના ૧૪ વ્યકિતઓ મળી કુલ ૪૧ વ્યકિતઓનેડિસ્ચાર્જ કરવામાં આવેલ છે. આજ સુધી ૧૯૭૫ વ્યતિઓ ડિસ્ચાર્જ થયેલ છે. જેનો રીકવરી રેટ ૬૮% છે. અલગ અલગ ઝોન વાઈઝ કવોરન્ટાઈન સેન્ટર ઉપર ૧૩૧ વ્યકિતઓ કવોરન્ટાઈન હેઠળ છે અને હોમ કવોરન્ટાઈન અંતર્ગત ૯૩૦૮ લોકો છે. કુલ કવોરન્ટાઈન હેઠળ ૯૪૩૯ વ્યકિતઓ છે.

આજ રોજ કુલ ૬૩ પોઝીટીવ કેસો નોંધાયા છે. જેમાં કતારગામમાં સૌથી વધારે ૧૬ કેસો મળી કુલ ૬૫૫ કેસો થાય છે. લિંબાયતમાં ૦૫ કેસો મળી કુલ ૭૯૪ કેસો થયા છે. સેન્ટ્રલ ઝોનમાં ૦૯ કેસો મળી કુલ ૩૯૭ કેસો થાય છે. વરાછા–એ ઝોનમાં ૦૬ કેસો મળીને કુલ ૩૨૭ કેસો થયા છે. વરાછા–બી ઝોનમાં ૧૪ કેસો મળી કુલ ૧૧૫ કેસો થાય છે. રાંદેર ઝોનમાં ૧૧ કેસ મળી કુલ ૧૬૭ કેસો છે અને **ઉધના ઝોનમાં આજે કોઈ કેસ નોંધાયેલ નથી છે**. કુલ ૩૨૪ કેસો છે. અઠવા ઝોનમાં આજે ૦૨ કેસ મળી કુલ ૧૨૫ કેસો થયા છે. આજ દિન સુધી કુલ ૨૯૦૪ પોઝીટીવ કેસો નોંધાયેલ છે.

હાલમાં એકિટવ સર્વેલન્સ દરમ્યાન ૧૭માં રાઉન્ડમાં ૧૮૫૫ ટીમો દ્વારા ૪૫,૧૭,૫૮૨ વ્યકિતઓને તપાસ કરવામાં આવેલ છે. જેમાં આજ રોજ ૯૭ એ.આર.આઈ.ના કેસો મળેલ છે. ૯૦ કેસો હોમ બેઈઝડ ટ્રીટમેન્ટ લઈ રહયા છે. આજ દિન સુધી કુલ ૨૦૪ એ.આર.આઈ.ના કેસો મળ્યા છે.

પેસીવ સર્વેલન્સ દરમ્યાન પ્રાઈવેટ કિલનીકમાંથી જૈમીની એપ મારફત ૧૨૨૮ હોસ્પિટલમાંથી ૧૦૨૨ એ.આર.આઈ.ના કેસો મળ્યા છે અને પબ્લિક હેલ્થ કિલનીક / કોમ્યુનીટી હેલ્થ કિલનીકમાં ૧૬૯ એ.આર.આઈ.ના કેસો મળેલ છે. ૫૨ ફિવર કિલનીકમાંથી કુલ ૩૯ કેસ અને કોન્ટેકટ ટ્રેસીંગમાં ૨૦ ટીમો દ્વારા ૩૨૭ કેસો મળેલ છે.

આજ રોજ વિવિધ સંસ્થાઓને રૂ.૧,૪૫,૯૦૦/–નો દંડ કરવામાં આવ્યો છે. જેમાં આજ રોજ ૦૮ પાનના ગલ્લા, ૦૪ સલુન, ૦૧ ટેકસટાઈલ યુનિટ, ૦૪ હીરા બજાર, ૦૩ મેડીકલ સ્ટોર બંધ કરવામાં આવ્યા છે.

APX સર્વે કરવામાં આવ્યો છે જેમાં કુલ ૪,૦૭,૦૬૫ ઘરોનું સર્વે અને કુલ ૧૫,૮૫,૬૨૧ લોકોનું સર્વે કરવામાં આવ્યું છે.

આજ રોજ ૨૧,૪૭૮ ઘરોમાં કુલ ૭૮,૭૮૮ શહેરીજનોને હોમિયોપેથી દવાનું વિતરણ કરવામાં આવેલ છે.

આજ રોજ શહેરમાં અન્ય રાજયોમાંથી આવનાર લોકોમાં દિલ્હી થી સુરત હવાઈ માર્ગે ૫૦ વ્યકિતઓ તથા રોડ માર્ગે કુલ ૪૪૨ અને ટ્રેન માર્ગે ૧,૧૬૮ વ્યકિતઓ આવેલ છે.

આજ રોજ શહેરમાં ફાયર વિભાગ દ્વારા ૩,૪૯૫ સ્થળો ઉપર ડિસઈન્ફેકશન અને સેનિટાઈઝેશનની કામગીરી કરવામાં આવી છે. આજ દિન સુધી કુલ ૪,૦૮,૯૨૨ સ્થળોમાં ડિસઈન્ફેકશન અને સેનિટાઈઝેશનની કામગીરી કરવામાં આવી છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં.૯૨૫
તા.૧૮/૦૬/૨૦૨૦

# સુરત મહાનગરપાલિકા
## પ્રેસનોટ (COVID-19)

શહેરમાં આજ રોજ ૬૩ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા છે. જેમાંથી ૧૬ કોરોના પોઝીટીવ કેસ ડાયમંડના વ્યવસાય સાથે સંકળાયેલા વ્યકિતઓના છે. જેથી ડાયમંડ વ્યવસાયમાં જોડાયેલ રત્નકલાકરોએ વિષેશ સાવચેતી અને સાવધાની રાખવી જરૂરી છે. ડાયમંડ ઉદ્યોગમાં કામ કરતા તમામ રત્ન કલાકારોએ ફરજીયાત માસ્ક પહેરવું, સામાજીક અંતર જાળવવું તથા હાથ વારંવાર સાબુથી ધોવા તથા સેનિટાઈઝ કરવા આવશ્યક છે. સુરત મહાનગરપાલિકા દ્વારા બહાર પાડવામાં આવેલ SOPનું ચુસ્તપણે પાલન કરવામાં આવશે તો કોરોનાના સંક્રમણથી બચી શકાશે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી,સાદર સમાચાર યાદી નં.૨૧૯, તા.૧૮/૦૬/૨૦૨૦

# પ્રેસનોટ
## સૂર્યગ્રહણ

**(સદર ખગોળીય ઘટના નું લાઈવ પ્રોજેક્શન નિરીક્ષણ/અવલોકન જેતે સમયના વાતાવરણીય, વાદળીય અવસ્થા પર આધીન રહેશે)**

પૃથ્વી સૂર્યની ફરતે પરિક્રમા કરે છે તથા ચંદ્ર પૃથ્વીની ફરતે પરિક્રમા કરે છે. આ પ્રકારની ગતિ દરમ્યાન ક્યારેક સૂર્ય, પૃથ્વી અને ચંદ્ર એક સીધી રેખામાં આવે છે. જેથી સૂર્યગ્રહણ તેમજ ચંદ્રગ્રહણ જેવી ખગોળીય ઘટનાઓ બને છે.

જૂન, ૨૧, ૨૦૨૦માં થનાર સૂર્ય ગ્રહણમાં ચંદ્ર દ્વારા સૂર્ય ૭૦% જેટલો ઢંકાશે, જેમાં સૂર્યગ્રહણની શરૂઆત સવારે ૧૦:૦૩ કલાકે થશે, મહત્તમ સૂર્યગ્રહણ સવારે ૧૧:૪૦ કલાકે દેખાશે અને સૂર્યગ્રહણનાં મોક્ષનો સમય બપોરે ૦૧:૩૦ કલાકે રહેશે.

સૂર્યગ્રહણનું લાઈવ પ્રોજેક્શન જૂન, ૨૧, ૨૦૨૦ના સવારે ૧૦:૦૩ થી બપોરે ૦૧:૩૦ કલાક દરમ્યાન સુરત મહાનગરપાલિકાના સોશિયલ મીડીયા એકાઉન્ટ MySurat (યુટયુબ તથા ફેસબુક) મારફત કરવામાં આવશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
નં.પી.આર.ઓ. ૨૨૦
તા.-૧૯/૬/૨૦૨૦

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ (COVID-19)

સુરત શહેરમાં આજ રોજ નવા ૭૪ કેસો નોંધાયા છે. આજના આ ૭૪ કેસો સાથે કુલ કેસોની સંખ્યા ૨૯૯૭ થયા છે.

આજ રોજ સેન્ટ્રલ ઝોનમાં બેગમપુરા ખાતે રહેતા બ્લડપ્રેશર અને ડાયાબીટીસની બિમારીથી પીડીત ૮૫ વર્ષના પુરૂષનું તથા ઉધના ઝોનમાં બ્લડપ્રેશર અને ડાયાબીટીસની બિમારીથી પીડીત ૬૫ વર્ષના પુરૂષ મળી કુલ ૦૨ વ્યકિતઓના સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મુત્યુ થયેલ છે.

ગઈકાલ સુધી ૧૯૭૫ કેસોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા. આજ રોજ સમરસના ૧૫ વ્યકિતઓ અને સિવિલના ૧૯ વ્યકિતઓ મળી કુલ ૩૪ વ્યકિતઓને ડિસ્ચાર્જ કરવામાં આવેલ છે. આજ સુધી ૨૦૦૯ વ્યકિતઓ ડિસ્ચાર્જ થયેલ છે. જેનો રીકવરી રેટ ૬૭% છે. અલગ અલગ ઝોન વાઈઝ કવોરન્ટાઈન સેન્ટર ઉપર ૧૦૬ વ્યકિતઓ કવોરન્ટાઈન હેઠળ છે અને હોમ કવોરન્ટાઈન અંતર્ગત ૯૪૦૩ લોકો છે. કુલ કવોરન્ટાઈન હેઠળ ૯૫૦૯ વ્યકિતઓ છે.

આજ રોજ કુલ **૭૪** પોઝીટીવ કેસો નોંધાયા છે. જેમાં કતારગામ ઝોનમાં સૌથી વધારે **૨૮** કેસો મળી કુલ **૬૮૮** કેસો થાય છે. લિંબાયતમાં **૦૮** કેસો મળી કુલ **૮૦૬** કેસો થયા છે. સેન્ટ્રલ ઝોનમાં **૧૨** કેસો મળી કુલ **૪૧૨** કેસો થાય છે. વરાછા–એ ઝોનમાં **૦૯** કેસો મળીને કુલ **૩૩૭** કેસો થયા છે. વરાછા–બી ઝોનમાં **૦૫** કેસો મળી કુલ **૧૨૧** કેસો થાય છે. રાંદેર ઝોનમાં **૦૨** કેસ મળી કુલ **૧૭૩** કેસો છે અને ઉધના ઝોનમાં **૦૭** કેસો મળી કુલ **૩૩૨** કેસો થાય છે. અઠવા ઝોનમાં આજે **૦૩** કેસ મળી કુલ **૧૨૮** કેસો થયા છે. આજ દિન સુધી કુલ **૨૯૯૭** પોઝીટીવ કેસો નોંધાયેલ છે.

હાલમાં એકિટવ સર્વેલન્સ દરમ્યાન ૧૭માં રાઉન્ડમાં ૧૮૫૬ ટીમો દ્વારા ૫૦,૦૩,૨૩૯ વ્યકિતઓને તપાસ કરવામાં આવેલ છે. જેમાં આજ રોજ ૮૨ એ.આર.આઈ.ના કેસો મળેલ છે. ૭૦ કેસો હોમ બેઈઝડ ટ્રીટમેન્ટ લઈ રહયા છે. આજ દિન સુધી કુલ ૨૮૬ એ.આર.આઈ.ના કેસો મળ્યા છે.

પેસીવ સર્વેલન્સ દરમ્યાન પ્રાઈવેટ કિલનીકમાંથી જૈમીની એપ મારફત ૧૨૨૧ હોસ્પિટલમાંથી ૧૦૪૪ એ.આર.આઈ.ના કેસો મળ્યા છે અને પબ્લિક હેલ્થ કિલનીક / કોમ્યુનીટી હેલ્થ કિલનીકમાં ૧૬૮ એ.આર.આઈ.ના કેસો મળેલ છે. ૫૦ ફિવર કિલનીકમાંથી કુલ ૪૬ કેસ અને કોન્ટેકટ ટ્રેસીંગમાં ૪૩ ટીમો દ્વારા ૪૦૫ કેસો મળેલ છે.

આજ રોજ વિવિધ સંસ્થાઓને રૂ.૯૪,૯૦૦/–નો દંડ કરવામાં આવ્યો છે. જેમાં આજ રોજ ૦૫ હીરા બજાર, ૨૨ શાકભાજી દુકાન/લારી, ૧૫૫ પાથરણા બંધ કરવામાં આવ્યા છે.

APX સર્વે કરવામાં આવ્યો છે જેમાં કુલ ૪,૦૭,૩૧૬ ઘરોનું સર્વે અને કુલ ૧૬,૦૫,૬૬૭ શહેરીજનોનું સર્વે કરવામાં આવ્યું છે.

આજ રોજ ૧૮,૨૯૧ ઘરોમાં કુલ ૬૭,૭૭૨ શહેરીજનોને હોમિયોપેથી દવાનું વિતરણ કરવામાં આવેલ છે.

આજ રોજ શહેરમાં અન્ય રાજયોમાંથી આવનાર લોકોમાં દિલ્હી થી સુરત હવાઈ માર્ગે ૬૯ વ્યકિતઓ તથા રોડ માર્ગે કુલ ૪૪૨ અને ટ્રેન માર્ગે ૧,૧૨૨ વ્યકિતઓ આવેલ છે.

આજ રોજ શહેરમાં ફાયર વિભાગ દ્વારા ૩,૬૨૧ સ્થળો ઉપર ડિસઈન્ફેકશન અને સેનિટાઈઝેશનની કામગીરી કરવામાં આવી છે. આજ દિન સુધી કુલ ૪,૧૩,૧૪૭ સ્થળોમાં ડિસઈન્ફેકશન અને સેનિટાઈઝેશનની કામગીરી કરવામાં આવી છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં.૨૨૧
તા.૧૯/૦૬/૨૦૨૦

# :: પ્રેસનોટ ::

વિષય : ૨૧ જૂન,૨૦૨૦ના રોજ છઠ્ઠા વિશ્વ યોગ દિવસમાં ભાગ લેવા બાબત.

ભારતના માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના અડગ વ્યક્તિત્વને વિશ્વની મહોર સમાન વિશ્વ સમુદાયને "વિશ્વ યોગ દિવસ" તરીકે અપનાવવા સંયુકત રાષ્ટ્ર સંઘ સમક્ષ કરેલ અપીલને સંયુકત રાષ્ટ્ર સંઘએ યોગ સુખી જીવન જવવા માટેનું સંપૂર્ણ વિજ્ઞાન તરીકે સ્વીકૃતિ આપી ૨૧ જૂનને "વિશ્વ યોગ દિવસ" તરીકે જાહેર કરતાં સને ૨૦૧૫ના વર્ષથી 'વિશ્વ યોગ દિવસ' ઉજવણી કરવામાં આવી રહી છે.

૨૧ જૂન, ૨૦૨૦ના રોજ છઠ્ઠા વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગ રૂપે યોજાનાર કોમન યોગા પ્રોટોકોલ(CYP) મુજબ non-congregative (એકત્રીત થયા વગર) Home, Yoga with Familyના કન્સેપ્ટ અપનાવી, એક ઈન્ડોર પ્રવૃત્તિ તરીકેના યોગ સેશનમાં સવારે ૭.૦૦ કલાકથી ટેલિવીઝન તેમજ સોશિયલ મીડિયા ઉપર શહેરની તમામ સ્વૈચ્છિક સંસ્થાઓના અધિકારીશ્રીઓ / કર્મચારીઓ, શહેરના વિવિધ કલબો–મંડળોના હોદેદારો તથા યોગપ્રેમી નગરજનોએ પોતાના ઘરેથી યોગ કાર્યક્રમમાં ભાગ લેવાનો રહેશે. કોમન યોગા પ્રોટોકોલ(CYP) મુજબ ગુજરાતી માટે https://www.youtube.com/watch?v=0Bsb01XaCfc હિન્દી માટે https://www.youtube.com/watch?v=wgjZ_LyNLRw અને અંગ્રેજી માટે https://www.youtube.com/watch?v=K-GJh9GeOxE લીંક ઓપન કરી યોગના વિવિધ આસનોનું પ્રત્યક્ષ નિદર્શન સાથે ભાગ લઈ શકાશે. ભાગ લેવા માટે સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ https://www.suratmunicipal.gov.in પર મૂકવામાં આવેલ લીંક પર કલીક કરી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

વધુમાં માન.વડાપ્રધાનશ્રીના તા.૩૧/૦૫/૨૦૨૦ના 'મનકી બાત' કાર્યક્રમમાં જણાવ્યા મુજબ 'My Life My Yoga' વિષય ઉપર ૦૩ મિનિટના સમયગાળાનો ૦૩ યોગીક ક્રીયાઓ સાથેનો Short Video Message બનાવી આયુષ મંત્રાલયની વેબસાઈટ https://yoga.ayush.gov.in/yoga ઉપર તથા અન્ય બે ચેનલ (૧) The MyGov Platform અને (૨) https://mylifemyyoga2020.com પર અપલોડ કરી ભાગ લેવાનો રહેશે. (કોન્ટેસ્ટ જીતનાર માટે માન.વડાપ્રધાનશ્રી દ્વારા રૂ.૨૫,૦૦૦/– થી રૂ.૧,૦૦,૦૦૦/–ની વિવિધ શ્રેણીમાં ઈનામ જાહેર કરાયેલ છે.)

આ વર્ષે ૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગ રૂપે ઘરે જ રહી પરિવાર સાથે "યોગ કરીશું, કોરોનાને હરાવીશું" જનજાગૃતિ અભિયાન અંતર્ગત કોરોના સામેની લડાઈમાં યોગ એ અમોઘ અને શકિતશાળી શસ્ત્ર સમાન યોગના મહત્વને ઉજાગર કરતા શારીરિક, માનસિક અને વૈચારીક તંદુરસ્તી પ્રદાન કરતી યોગ વિદ્યાને દૈનિક જીવનમાં સામેલ કરી જીવનને ઉત્તમોત્તમ બનાવવા તથા તંદુરસ્ત આનંદમય જીવન જીવવા યોગનું મહત્વ સ્વીકારી તેને જીવન શૈલીનો એક ભાગ બનાવી અન્ય લોકોને પણ નિરોગી તંદુરસ્ત જીવન જીવવા યોગ માટે પ્રેરિત કરવા નગરજનોને સુરત મહાનગરપાલિકા તરફથી અપીલ કરવામાં આવે છે.

સમાચારયાદી નં.૨૨૨, તા.૧૯/૦૬/૨૦૨૦, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

## –:: પ્રેસનોટ ::–

- આગ બુઝાવવાની કામગીરી ::–

  - તા.૧૯/૦૬/૨૦ ના રોજ રાત્રે ૦૯:૧૫ કલાકે ન્યુ જનતા રેસ્ટોરન્ટ પાસે,ઓલપાડ મેઈન રોડ,ઓલપાડ,ખાતે કોઈકારણોસર આગનો બનાવ બનેલ જેની જાણ ફાયર બ્રિગેડ માં કરાતા મોરાભાગળ અને અડાજણ ફાયર સ્ટેશન ના અધિકારી , QRT , વોટર બ્રાઉઝર ક્રુ સહિત રવાના થયેલ અને એકાદ કલાકમાં જ આગ પર કાબુ મેળવેલ અને આગ બુઝાવવાની કામગીરી પૂર્ણ કરી ૧૨:૩૧ AM કલાકે પરત થયેલ જેમાં કોઈ ઈજા જાનહાનિ જણાયેલ નથી.
  - તા.૨૦/૦૬/૨૦ ના રોજ સવારે ૦૭:૦૩ કલાકે મગદલ્લા પોર્ટ પર સ્ક્રેપ મટીરીયલમાં કોઈકારણોસર આગનો બનાવ બનેલ જેની જાણ ફાયર બ્રિગેડ માં કરાતા વેસુ અને અડાજણ ફાયર સ્ટેશન ના અધિકારી વોટર બ્રાઉઝર, માન અને ફાયર એન્જીન ક્રુ સહિત રવાના થયેલ અને એકાદ કલાકમાં જ આગ પર કાબુ મેળવેલ અને આગ બુઝાવવાની કામગીરી પૂર્ણ કરી ૦૮:૫૮ AM કલાકે પરત થયેલ જેમાં કોઈ ઈજા જાનહાનિ જણાયેલ નથી.

તા.૨૦/૦૬/૨૦ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાક સુધીમાં ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ અને વી.બી.ડી.સી. વિભાગ દ્વારા સમગ્ર સુરત શહેરમાં વિવિધ વિસ્તારમાં ડિસઈન્ફેક્શનની કામગીરી કરવામાં આવેલ અને હાલમાં કામગીરી ચાલું છે.

મા.મ્યુ.કમિશનરશ્રીનાં મળેલ આદેશ અન્વયે હાલમાં સુરત શહેરમાં નોવેલ કોરોનાં વાયરસ (COVID-19) નાં કેસ સામે આવેલ હોય જેથી આવા સક્રમિત વ્યીકતઓ ધ્વારા અન્ય વ્યકિતઓમાં ચેપ ન ફેલાયતે અટકાવવા ફાયર વિભાગ તેમજ વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા નીચે મુજબનાં ઝોન વિસ્તારમાં ડીસઈન્ફેકશનની કામગીરી કરવામાં આવેલ.

- **અઠવાઝોન**

૧) ટ્રાઈ સ્ટાર હોસ્પિટલ ૨) વિકેન હોમ ૩) વુમન એન્ડ ચિલ્ડ્રન હોસ્પિટલ ૪) મિશન હોસ્પિટલ ૫) વેસું હેલ્થ સેન્ટર ૬) ડુમસ હેલ્થ સેન્ટર ૭) નવી સિવિલ હોસ્પિટલઅને કોવિડ ૮) આઈસોલેશન વોડ ૯) સમરસ હોસ્ટેલ ૧૦) આદેસવર આવાસ ૧૧) સાલસા એપાર્ટમેન્ટ

- **સેન્ટ્રલ ઝોન**

૧) સૈયદપુરા આગનો વાડ ૨) સૈયદપુરા ખરદી શેરી ૩) પૂજા ફ્લેટસ ૪) સોહમ રેસીડેન્સી ૫) સાંઈ ક્રિષ્ણા રો હાઉસ ૬) સરદાર નગર ૭) મદની પાર્ક સોસાયટી ૮) ગરીબ નવાઝ ટેનામેન્ટ ૯) ઋષિપ્રસાદ રો હાઉસ ૧૦) એકતા નગર ઝુપડપટ્ટી ૧૧) શિવ આશિષ ૧૨) સાગર સંકુલ ૧૩) ડિંડી નગર ૧૪) સાંઈ કૃપા સોસાયટી ૧૫) પથ્થરવાળી ગલી ૧૬) રાજય કર્મચારી નીધિ ઓફીસ ૧૭) અરહંતા ટેરી

- **રાંદેરઝોન**

૧) રવિછાયા રો હાઉસ ૨) સંઘવી કોમ્પ્લેક્ષ ૩) વ્રજભૂમિ રો હાઉસ ૪) સીમા નગર વિભાગ–૨ ૫) સુગમ સોસાયટી ૬) અંકુર સોસાયટી ૭) અંબિકા સોસાયટી ૮) શ્રીજી નગરી ૯) સાગર સંકુલ ૧૦) પટેલ સ્ટ્રીટ ૧૧) રાધે ક્રિષ્ણા પાર્ક ૧૨) આસારામ નગર

- **કતારગામ ઝોન**

૧) પૂજન પેલેસ ૨) ખોડીયાર નગર ૩) નારાયણ નગર સોસાયટી ઘર નં. ૨૧,૧૪૦ ૪) મગન નગર ૫) સંતોષી નગર ૬) શિવ નગર સોસાયટી ૭) અશ્વિનીકુમાર સ્મશાનભૂમિ ૮) યોગીકૃપા એપાર્ટમેન્ટ ૯) અવધુત નગર ઘર નં. ૩૪,૩૫ ૧૦) રમણ નગર ઘર નં. ૩૮,૨૭ ૧૧) વિજય સોસાયટી ૧૨) માધવ રેસીડેન્સી ૧૩) અમરદીપ સોસાયટી ઘર નં. બી–૫૨ ૧૪) અમરદીપ સોસાયટી ઘર નં. એ–૫૨ ૧૫) સુમન સાર્થક,ડભોલી ૧૬) હરિ દર્શન સોસાયટી ૧૭) અખંડ આનંદ સોસાયટી ૧૮) નવી વસાહત,સિંગણપોર ૧૯) હેત દર્શન બી અને ડી–૩૦૨ ૨૦) રમણ નગર સોસાયટી ઘર નં. ૧૫,૪૨ ૨૧) વિજય નગર સોસાયટી ૨૩) રામજી નગર સોસાયટી ૨૪) પારસ સોસાયટી ૨૫) ડાયમંડ એપાર્ટમેન્ટ ૨૬) માનવ લોક એપાર્ટમેન્ટ ૨૭) અમૃતધારા એપાર્ટમેન્ટ ૨૮) અવધુત નગર સોસાયટી ૨૯) ઉદય નગર સોસાયટી ૩૦) સ્મૃતિ રાજ કોમ્પ્લેક્ષ ૩૧) શિવછાયા સોસાયટી ૩૨) પ્રમુખ દર્શન

224

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ (COVID-19)

સુરત શહેરમાં આજ રોજ નવા ૭૭ કેસો નોંધાયા છે. આજના આ ૭૭ કેસો સાથે કુલ કેસોની સંખ્યા ૩૦૯૫ થયા છે.

આજ રોજ કતારગામ ઝોનમાં વેડરોડ ખાતે રહેતા બ્લડપ્રેશર અને ડાયાબીટીસની બિમારીથી પીડીત ૬૪ વર્ષ અને ૫૫ વર્ષના પુરૂષનું તથા ઉધના ઝોનમાં કીડની, લીવર અને ડાયાબીટીસની બિમારીથી પીડીત ૫૨ વર્ષના પુરૂષ મળી કુલ ૦૩ વ્યકિતઓના સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મુત્યુ થયેલ છે.

ગઈકાલ સુધી ૨૦૦૯ કેસોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા. આજ રોજ સમરસના ૧૬ વ્યકિતઓ અને સિવિલના ૫૪ વ્યકિતઓ મળી કુલ ૭૦ વ્યકિતઓને ડિસ્ચાર્જ કરવામાં આવેલ છે. આજ સુધી ૨૦૭૯ વ્યકિતઓ ડિસ્ચાર્જ થયેલ છે. જેનો રીકવરી રેટ ૬૭.૨% છે. અલગ અલગ ઝોન વાઈઝ કવોરન્ટાઈન સેન્ટર ઉપર ૭૮ વ્યકિતઓ કવોરન્ટાઈન હેઠળ છે અને હોમ કવોરન્ટાઈન અંતર્ગત ૯૩૭૯ લોકો છે. કુલ કવોરન્ટાઈન હેઠળ ૯૪૫૭ વ્યકિતઓ છે.

આજ રોજ કુલ **૭૭** પોઝીટીવ કેસો નોંધાયા છે. જેમાં કતારગામ ઝોનમાં સૌથી વધારે **૨૬** કેસો મળી કુલ **૭૨૦** કેસો થાય છે. લિંબાયતમાં **૧૦** કેસો મળી કુલ **૮૧૭** કેસો થયા છે. સેન્ટ્રલ ઝોનમાં **૦૬** કેસો મળી કુલ **૪૧૯** કેસો થાય છે. વરાછા–એ ઝોનમાં **૦૮** કેસો મળીને કુલ **૩૪૫** કેસો થયા છે. વરાછા–બી ઝોનમાં **૧૨** કેસો મળી કુલ **૧૩૯** કેસો થાય છે. રાંદેર ઝોનમાં **૦૫** કેસ મળી કુલ **૧૮૦** કેસો છે અને ઉધના ઝોનમાં **૦૭** કેસો મળી કુલ **૩૩૮** કેસો થાય છે. અઠવા ઝોનમાં આજે **૦૭** કેસ મળી કુલ **૧૩૭** કેસો થયા છે. આજ દિન સુધી કુલ **૩૦૯૫** પોઝીટીવ કેસો નોંધાયેલ છે.

હાલમાં એકિટવ સર્વેલન્સ દરમ્યાન ૧૮માં રાઉન્ડમાં ૧૮૪૧ ટીમો દ્વારા ૧૫,૬૦,૫૫૮ વ્યકિતઓને તપાસ કરવામાં આવેલ છે. જેમાં આજ રોજ ૮૨ એ.આર.આઈ.ના કેસો મળેલ છે. ૭૨ કેસો હોમ બેઈઝડ ટ્રીટમેન્ટ લઈ રહયા છે. આજ દિન સુધી કુલ ૮૨ એ.આર.આઈ.ના કેસો મળ્યા છે.

પેસીવ સર્વેલન્સ દરમ્યાન પ્રાઈવેટ કિલનીકમાંથી જૈમીની એપ મારફત ૧૨૨૫ હોસ્પિટલમાંથી ૧૧૮૯ એ.આર.આઈ.ના કેસો મળ્યા છે અને પબ્લિક હેલ્થ કિલનીક / ક્રોમ્યુનીટી હેલ્થ કિલનીકમાં ૧૬૪ એ.આર.આઈ.ના કેસો મળેલ છે. ૪૯ ફિવર કિલનીકમાંથી કુલ ૪૩ કેસ અને કોન્ટેકટ ટ્રેસીંગમાં ૨૮ ટીમો દ્વારા ૩૮૦ કેસો મળેલ છે.

આજ રોજ વિવિધ સંસ્થાઓને રૂા.૧,૨૮,૮૫૦/–નો દંડ કરવામાં આવ્યો છે. જેમાં આજ રોજ ૦૯ પાનના ગલ્લા, ૫૨ પાથરણા બંધ કરવામાં આવ્યા છે.

APX સર્વે કરવામાં આવ્યો છે જેમાં કુલ ૪,૦૧,૮૦૭ ઘરોનું સર્વે અને કુલ ૧૫,૬૦,૫૫૮ શહેરીજનોનું સર્વે કરવામાં આવ્યું છે.

આજ રોજ ૭૫૭૭ ઘરોમાં કુલ ૨૮,૩૧૪ શહેરીજનોને હોમિયોપેથી દવાનું વિતરણ કરવામાં આવેલ છે.

આજ રોજ શહેરમાં અન્ય રાજયોમાંથી આવનાર લોકોમાં દિલ્હી થી સુરત હવાઈ માર્ગે ૭૪ વ્યકિતઓ તથા રોડ માર્ગે કુલ ૪૧૧ અને ટ્રેન માર્ગે ૯૮૩ વ્યકિતઓ આવેલ છે.

આજ રોજ શહેરમાં ફાયર વિભાગ દ્વારા ૩,૫૦૭ સ્થળો ઉપર ડિસઈન્ફેકશન અને સેનિટાઈઝેશનની કામગીરી કરવામાં આવી છે. આજ દિન સુધી કુલ ૪,૧૭,૩૦૦ સ્થળોમાં ડિસઈન્ફેકશન અને સેનિટાઈઝેશનની કામગીરી કરવામાં આવી છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં.૨૨૪
તા.૨૦/૦૬/૨૦૨૦

225

# :: પ્રેસનોટ ::

## વિષય : ૨૧ જૂન,૨૦૨૦ના રોજ છઠ્ઠા વિશ્વ યોગ દિવસમાં ભાગ લેવા બાબત.

ભારતના માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના અડગ વ્યકિતત્વને વિશ્વની મહોર સમાન વિશ્વ સમુદાયને "વિશ્વ યોગ દિવસ" તરીકે અપનાવવા સંયુકત રાષ્ટ્ર સંઘ સમક્ષ કરેલ અપીલને સંયુકત રાષ્ટ્ર સંઘએ યોગ સુખી જીવન જવવા માટેનું સંપૂર્ણ વિજ્ઞાન તરીકે સ્વીકૃતિ આપી ૨૧ જૂનને "વિશ્વ યોગ દિવસ" તરીકે જાહેર કરતાં સને ૨૦૧૫ના વર્ષથી 'વિશ્વ યોગ દિવસ' ઉજવણી કરવામાં આવી રહી છે.

૨૧ જૂન, ૨૦૨૦ના રોજ છઠ્ઠા વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગ રૂપે યોજાનાર કોમન યોગા પ્રોટોકોલ(CYP) મુજબ non-congregative (એકત્રીત થયા વગર) Yoga at Home, Yoga with Familyના કન્સેપ્ટ અપનાવી, એક ઈન્ડોર પ્રવૃત્તિ તરીકેના યોગ સેશનમાં સવારે ૭.૦૦ કલાકથી ટેલિવીઝન તેમજ સોશિયલ મીડિયા ઉપર શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓના સ્વયં સેવકો, મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ / કર્મચારીઓ, શહેરના વિવિધ કલબો–મંડળોના હોદ્દેદારો તથા યોગપ્રેમી નગરજનો પોતાના ઘરેથી યોગ કાર્યક્રમમાં ભાગ લેનાર છે. કોમન યોગા પ્રોટોકોલ(CYP) મુજબ ગુજરાતી માટે https://www.youtube.com/watch?v=0Bsb01XaCfc હિન્દી માટે https://www.youtube.com/watch?v=wgjZ_LyNLRw અને અંગ્રેજી માટે https://www.youtube.com/watch?v=K-GJh9GeOxE લીંક ઓપન કરી યોગના વિવિધ આસનોનું પ્રત્યક્ષ નિદર્શન સાથે ભાગ લેનાર છે. ભાગ લેવા માટે સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ https://www.suratmunicipal.gov.in પર મૂકવામાં આવેલ લીંક પર કલીક કરી જાહેર જનતા અને સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓએ યોગમાં ભાગ લેવા માટે નીચે મુજબ રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે.

| ઝોનનું નામ | કુલ રજીસ્ટ્રેશન કરાવેલ કુટુંબો/ સંસ્થાઓ વિગેરે | ભાગ લેનાર કુલ વ્યકિતઓ |
|---|---|---|
| રાંદેર ઝોન | 2524 | 25796 |
| સેન્ટ્રલ ઝોન | 1328 | 3757 |
| કતારગામ ઝોન | 1353 | 15422 |
| વરાછા ઝોન–એ | 880 | 4613 |
| ઉધના ઝોન | 1491 | 49932 |
| અઠવા ઝોન | 252 | 850 |
| લિંબાયત ઝોન | 197 | 799 |
| વરાછા ઝોન–બી | 543 | 1890 |
| કુલ | 8568 | 103059 |

વધુમાં રજીસ્ટ્રેશન સિવાય પણ નગરજનો ઉપરની યુ–ટયુબ લીંક દ્વારા યોગમાં ભાગ લઈ શકશે. આ વર્ષે ૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગ રૂપે ઘરે જ રહી પરિવાર સાથે "યોગ કરીશું, કોરોનાને હરાવીશું" જનજાગૃતિ અભિયાન અંતર્ગત કોરોના સામેની લડાઈમાં યોગ એ અમોઘ અને શકિતશાળી શસ્ત્ર સમાન યોગના મહત્વને ઉજાગર કરતા શારીરિક, માનસિક અને વૈચારીક તંદુરસ્તી પ્રદાન કરતી યોગ વિદ્યાને દૈનિક જીવનમાં સામેલ કરી જીવનને ઉત્તમોત્તમ બનાવવા તથા તંદુરસ્ત આનંદમય જીવન જીવવા યોગનું મહત્વ સ્વીકારી તેને જીવન શૈલીનો એક ભાગ બનાવી અન્ય લોકોને પણ નિરોગી તંદુરસ્ત જીવન જીવવા યોગ માટે પ્રેરિત કરવા નગરજનોને સુરત મહાનગરપાલિકા તરફથી અપીલ કરવામાં આવે છે.

સમાચારયાદી નં.૨૨૫, તા.૨૦/૦૬/૨૦૨૦, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.